આજનો સુવિચાર

દુ:ખ આવતા પહેલા જે દુ:ખી થઈ જાય એને દુ:ખ વધુ પજવે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૯૯ જૂનાગઢ તા.૧૩-૪-૨૦૨૩ ગુરવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


# દેશમાં કોરોના કેસ ૧૦,૦૦૦ને પાર : આરોગ્ય અધિકારીઓ સાથે બેઠક યોજતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી



## હોસ્પીટલોમાં નિયમિત મોકડ્રીલ યોજવા તેમજ નવા વેરીયન્ટ ઉપર વોચ રાખવા સૂચના

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧૩

દેશમાં કોરોનાનાં સતત વધતા કેસો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત સાંજે આરોગ્ય અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને હોસ્પીટલોમાં નિયમિત મોકડ્રીલ યોજવા ઉપરાંત જીનોમસિકવન્સીંગ વધારવા તથા નવા વેરીએન્ટ પર સતત વોચ રાખવાની સુચના આપી હતી. મહામારી ખત્મ થઈ ગયાનું બે અઠવાડિયાથી કોરોનાએ ફરી રફતાર પકડી હોવાને પગલે વડાપ્રધાનદ્વારા આ બેઠક યોજવામાં આવી હતી. દરમ્યાન કોરોના સંક્રમણમાં વૃદ્ધિ તથા કોરોનાથી માનીને હળવાશથી નહીં લેવા તથા સમગ્ર દેશમાં કોરોના સ્ટેટસને મોનીટર કરવાની તાકીદ કરી હતી. ભારતમાં છેલ્લા મોતના મામલે ભારત વિશ્વભરમાં ત્રીજા નંબરનું રાષ્ટ્ર બન્યુ છે. ભારતમાં કોરોનાની નવી લહેરની આશંકા હોય તેમ દૈનિક કેસોમાં ડરામણી રીતે વધારો થવા લાગ્યો છે.

દોઢ વર્ષ બાદ દૈનિક કેસ ૧૦,૦૦૦ને પાર થયા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના રિપોર્ટ પ્રમાણે ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૧૫૮ નવા કોરોના કેસ નોંધાયા હતા અને તેસાથે એકટીવ કેસ વધીને ૪૪૯૯૮ થયા હતા. કોરોનાના દૈનિક કેસોમાં ચિંતાજનક વૃધ્ધિ વચ્ચે આરોગ્ય વિભાગના અધિકારીઓએ એવો નિર્દેશ કર્યો છે કે સંક્રમણમાં હજુ ૧૦-૧૨ દિવસ વધારો થવાની શક્યતા છે. પોઝીટીવ કેસો વધવા છતાં સ્થિતિ ગંભીર નથી કારણ કે હોસ્પીટલાઈઝેશન ઘણું ઓછું છે. વર્તમાન કેસો સામાન્ય ફલુ જેવા જણાય રહ્યા છે અને તે કાયમી ધોરણે હોય જ છે.

# આંબેડકર અને મહારાજાની પ્રતિમાની સ્થાપના પ્રશ્ને રાજસ્થાનમાં હિંસા ભડકી

## ભરતપુરમાં પોલીસની ગાડીઓ ઉપર હુમલો : ટીયરગેસનાં સેલ છોડાયા

ભરતપુર તા. ૧૩

રાજસ્થાનના ભરતપુરમાં મહારાજા સૂરજમલ અને ડો.ભીમરાવઆંબેડકરની પ્રતિમાની સ્થાપનાને લઈને વિવાદ વધ્યો છે. બુધવારે રાત્રે ગ્રામજનો રસ્તા પર ઊતરી આવ્યા હતા. જ્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી તો તેમણે પોલીસ પર પણ પથ્થરમારો કર્યો હતો.

આ મામલો ભરતપુર જિલ્લાના નદબઈ વિસ્તારનો છે. રાત્રે ૮ વાગ્યાની આસપાસ શરૂ થયેલો હોબાળો સવારે ૨ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. લોકોને હટાવવા માટે પોલીસને ટિયરગેસના શેલ છોડ્યા હતા. આજે સવારે પણ વાતાવરણ તંગદિલીભર્યું છે.

નગરપાલિકા નદબઈ વિસ્તારમાં ૩ જગ્યાએ મૂર્તિઓની સ્થાપના કરાઈ રહી છે. ડિવિઝનલ કમિશનર સાંવરમલ વર્માની અધ્યક્ષતામાં સમિતિએ નક્કી કર્યું કે કુમ્હેર ચાર રસ્તા ખાતે મહારાજા સૂરજમલ, બૈલારા ચાર રસ્તા ખાતે બાબા સાહેબ ભીમરાવ આંબેડકર અને નગર ચાર રસ્તા ખાતે ભગવાન પરશુરામની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે, પરંતુ સ્થાનિક લોકોની માંગ છે કે નદબઈનો મુખ્ય ચોક બૈલારા છે. આવી સ્થિતિમાં બૈલારા ચોકમાં મહારાજા સૂરજમલની પ્રતિમા સ્થાપિત કરવી જોઈએ. લોકોએ આ માગ માટે ધરણાં પણ કર્યા હતા.

પર્યટન મંત્રી વિશ્વેન્દ્ર સિંહે નિવેદન આપ્યું હતું કે તમે જે ઈચ્છો છો એ થશે, તમે ધરણાં સમેટી લેશો. આ દરમિયાન મંત્રીએ પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમા બૈલારા ચારરસ્તા પર અને મહારાજા સૂરજમલની પ્રતિમા દેહરા ચોક પર સ્થાપિત કરવી જોઈએ. તેના કારણે જ વિરોધપ્રદર્શનો શરૂ થયાં હતાં.

# બિહારનાં મુખ્યમંત્રી નિતિશકુમારનાં વિપક્ષી અભિયાનને ઝટકો ભાજપનાં સંપર્કમાં અનેક પક્ષો હોવાનો દાવો



નવી દિલ્હી તા. ૧૩ : જનતા દળ (યુનાઈટેડ)ના નેતા અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની વિપક્ષી એકતા અભિયાનના ભાગરૂપે દિલ્હીની મુલાકાતે રાજકીય ગતિવિધિઓ વધી છે. વિપક્ષના નેતાઓ વચ્ચે બેઠકોનો દોર ચાલી રહ્યો છે એટલું જ નહીં, ભાજપ પણ તેના પર નજર રાખી રહ્યું છે. વાસ્તવમાં ભાજપ માટે આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, પરંતુ ભવિષ્યની રણનીતિ વિપક્ષની સ્થિતિ પર ઘણો નિર્ભર રહેશે. ભાજપના રણનીતિકારોનું માનવું છે કે પ્રાદેશિક પક્ષો આમાં સૌથી મહત્વની ભૂમિકા ભજવશે. જેમની સાથે ભાજપ પણ સંપર્ક જાળવી રહ્યું છે.

ભાજપ સાથેના ઘણા પક્ષોની સારી સમજણ વિપક્ષની આ કવાયતથી બહુ પરેશાન નથી, પરંતુ સાવધ પણ છે. ભાજપના એક અગ્રણી નેતાએ કહ્યું કે વિપક્ષનો પોતાનો વિરોધાભાસ એટલો બધો છે કે તે ભાજપને પડકારી શકે તેવી સ્થિતિમાં નથી. કોંગ્રેસ હવે એટલી મજબૂત નથી. તે જ સમયે, ઘણા પ્રાદેશિક પક્ષો પણ ભાજપ સાથે સારી સમજણ ધરાવે છે અને વિરોધી છાવણીમાં હોઈ શકે છે, પરંતુ કોંગ્રેસ સાથે હોઈ શકે નહીં. આ સિવાય હવે નીતીશને લઈને વિશ્વાસનું સંકટ આવશે. અવારનવાર પક્ષ બદલવાથી તેમની છબી પર પણ અસર પડી છે.

# રાહુલ ગાંધી સામે માનહાનીનો કેસ કરતા વીર સાવરકરનાં પૌત્ર સાત્યકી

નવી દિલ્હી, તા.૧૩ઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. રાહુલ ગાંધીએ બ્રિટનમાં એક કાર્યક્રમમાં સ્વાતંત્ર્યવીર સાવરકર વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી. તેનાથી સાવરકર પ્રેમીઓની ભાવનાઓને ઠેસ પહોંચી છે. સ્વાતંત્ર્યવીર સાવરકરના પૌત્ર સાત્યકી સાવરકરે પુણેની શિવાજી નગર કોર્ટમાં રાહુલ ગાંધી વિરૂધ્ધ અપરાધિક માનહાનિનો કેસ દાખલ કર્યો છે. સ્વાતંત્ર્યવીર સાવરકરના પૌત્ર સાત્યકી સાવરકરે કહ્યું કે રાહુલ ગાંધી દ્વારા કહેવામાં આવેલી વાર્તા ખોટી અને બનાવટી છે. વીર સાવરકરે તેમના પુસ્તકમાં આવી કોઈ ઘટનાનો ઉલ્લેખ કર્યો નથી. રાહુલ ગાંધીએ જાણીજોઈને વીર સાવરકરને બદનામ કરવા ઉપરોક્ત નિવેદન કર્યું હતું. વીર સાવરકરના વંશજ હોવાના કારણે મારી લાગણી અને સાવરકર પ્રેમીઓની લાગણીને પણ ઠેસ પહોંચી છે. એટલા માટે અમે પુણેની શિવાજી નગર કોર્ટમાં રાહુલ ગાંધી સામે ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો છે.

# દેશનાં ૬ રાજયોમાં આગઝરતી ગરમી તાપામનનો પારો ૪૦ ડીગ્રીને પાર



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા. ૧૩

દેશમાં છેલ્લા બે મહિનાથી હવામાનમાં અસામાન્ય બદલાવ તથા વારંવાર માવઠા-કમોસમી વરસાદની સ્થિતિ વચ્ચે ઉનાળાની ગરમીનો કોપ શરૂ થઈ ગયો હોય તેમ અર્ધો ડઝન રાજયોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરીને ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. હવામાન વિભાગના રીપોર્ટ પ્રમાણે મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિસા તથા તેલંગણામાં તાપમાનનો પારો ૪૦ થી ૪૨ ડિગ્રી નોંધાયો છે. આવતા દિવસોમાં સુર્યનો પ્રકોપ વધશે પાટનગર દિલ્હીમાં પણ પારો ૪૦ ડિગ્રીને વટાવી જવાની આગાહી કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીર, પૂર્વભારત તથા પૂર્વોતર રાજયો આંધ્રપ્રદેશમાં તાપમાનનો પારો પણ સામાન્ય કરતા બે થી ત્રણ ડિગ્રી વધુ છે. બીજી તરફ ગોવા, કોંકણ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠાવાડા, લડાખ, હિમાચલપ્રદેશ તથા ઉતરાખંડમાં ગાજવીજ અને વિજળી સાથે વરસાદ થવાની પણ આગાહી કરવામાં આવી છે.

# ભટિંડા મિલિટ્રી સ્ટેશનમાં સાવચેતીનાં પગલા વધુ એક જવાનનું ગોળી લાગવાથી મૃત્યુ

લુધિયાણા તા. ૧૩

પંજાબના ભટિંડા મિલિટરી સ્ટેશનમાં સેનાના ચાર જવાનોની ગોળી મારીને હત્યા કરનારા બે શંકાસ્પદ હુમલાખોરોની હજુ સુધી કોઈ ભાળ મળી નથી. પોલીસ તેમને શોધવા માટે સીસીટીવી કેમેરા સ્કેન કરી રહી છે. બીજી તરફ ઘટનાના ૨૪ કલાક બાદ પણ સૈન્ય વિસ્તારમાં રેડ એલર્ટ જારી છે. સૈન્ય વિસ્તારની સ્કૂલો આજે પણ બંધ રાખવામાં આવી છે. લોકોને બાળકોને શાળાએ ન મોકલવા સૂચના આપવામાં આવી છે.

દરમ્યાન આજે સવારે મિલિટરી સ્ટેશનની અંદર અન્ય એક સૈનિકનું ગોળી વાગવાથી મોત થયું છે. આ ઘટના બુધવારે રાત્રે યુનિટની ઓફિસ પાસે બની હતી. તપાસમાં જાણવા મળ્યું કે ડ્યુટી પર તહેનાત ગુર તેજસ લહુરાજના માથામાં ગોળી વાગી હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, પરંતુ તેમનું મોત નીપજ્યું હતું. મિલિટરી પોલીસ તપાસ કરી રહી છે કે શું સૈનિકે આત્મહત્યા કરી છે, કે કોઈએ ગોળી મારી છે અથવા તે અકસ્માત છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગઈકાલના ફાયરિંગ સાથે આ ઘટનાને કોઈ લેવાદેવા નથી.

# પીઢ અભિનેત્રી ઉત્તરા બાઓકરનું ૭૯ વર્ષની વયે નિધન

મુંબઈ,તા.૧૩ : ફિલ્મ જગતની જાણીતી અને વરિષ્ઠ અભિનેત્રી ઉત્તરા બાઓકરનું બુધવારે ૭૯ વર્ષની વયે નિધન થયું છે. ફિલ્મ અભિનેતા મનોજ જોશીએ ટ્વિટ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી છે. બાઓકરના અવસાનથી ફિલ્મ જગતના એક ભાગમાં શોકનું મોજું ફરી વળ્યું છે. તેમની કારકિર્દીમાં, બાઓકરે માત્ર ફિલ્મો અને ટેલિવિઝનમાં જ નહીં પરંતુ થિયેટરના મંચ પર પણ તેમનું કામ સારૂ કર્યું છે. દિલ્હીની નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં અભિનયના પાઠ લીધા. બાઓકરનો જન્મ ૧૯૪૪માં મહારાષ્ટ્રના સાંગલીમાં થયો હતો.

## જંત્રીનાં પ્રશ્ને હવે કોઈ રાહત નહી આપવાનો સરકારનો નિર્ણય

# ગુજરાતમાં ૧૫ એપ્રિલથી જંત્રી દરનાં વધારાનો અમલ થશે



અમદાવાદ તા.૧૩ : ગુજરાતમાં બાર વર્ષે પ્રથમ વખત જંત્રીદરમાં વધારો કરવાના નિર્ણયનો અમલ આગામી ૧૫ મી એપ્રિલને શનિવારથી થશે અને તેમાં કોઈ રાહત આપવામાં નહિં આવે રાજય સરકારનાં પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટ કર્યું હતું કે શનિવારથી જ નવા જંત્રીદરનો અમલ થશે અને તેમાં હવે કોઈ મુદત નહિ મળે એટલુ જ નહિં તેમાં ૧૦૦ ટકાનો વધારો થશે અર્થાત વર્તમાન દર સીધો ડબલ થશે.

રાજય સરકાર પાસે નવી પરંતુ ગત ૪થી ફેબ્રુઆરી ૨૦૨૩ નારોજ સરકારે જે એકાએક રાજયમાં પ્રવર્તમાન જંત્રીનાં દરમાં ૧૦૦ ટકાનો વધારો કર્યો હતો તેનાથી ખફા થયેલા વિવિધ ડેવલપર્સ એસોસીએશનો કે ડાઈના હોદેદારોની રજુઆતોને પગલે સરકારે, નવી જંત્રીના અમલને મોકુફ રાખીને ૧૫ મી એપ્રિલથી તેનો અમલ કરવાની જાહેરાત કરી હતી. જેની મુદત હવે ૧૪મીના મધરાતે પુરી થશે. એટલે રાજય સરકાર ૧૫મી એપ્રિલથી રાજયમાં તમામ સ્થાવર મિલકતોની લે-વેચ સહીતના વ્યવહારોમાં નવી જંત્રીનો જ અમલ કરશે. આમ છતા રાજય સરકાર દ્વારા જંત્રીનાં સર્વેના અંતે કે વચગાળાની રાહતના સ્વરૂપે કોઈ જાહેરાત કરશે એમ જરૂર મનાઈ રહ્યુ છે. હાલના તબકકે તો સરકારે અગાઉ કરેલી જાહેરાત મુજબ ૧૪ મી એપ્રિલનાં રાતના ૧૨ વાગ્યા સુધીમાં જે તે દસ્તાવેજો માટેની સ્ટેમ્પ ડયુટી નકકી થઈ ગઈ હોય લેનાર-વેચનારની સહીઓ થઈ જાય છે. વ્યવહારો પૂર્ણ થવામાં હોય વગેરે કિસ્સામાં ૪ મહિના સુધી જુની જંત્રી અમલી રહેશે. પરંતુ કોઈ નવા વ્યવહારો નવી જુની સ્થાવર મિલકતોની ખરીદી વગેરેનાં કિસ્સામાં જો વ્યવહારો ૧૫ મી કે બાદ હશે તો વધારા સાથે નવી જંત્રી જ લાગુ થશે.

# ૬૦ વર્ષથી ઉપરનાં લોકોને જ કોરોના વેકસીનનો ત્રીજો ડોઝ લેવાની જરૂર


(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૩

દેશમાં દરરોજ કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. ૧ એપ્રિલે દેશમાં ૩૮૨૪ નવા કેસ નોંધાયા હતા જયારે ગઈકાલે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭૮૩૦ નવા કેસ નોંધાયા છે. આ ૧૨ દિવસમાં એકટિવ કેસ પણ લગભગ ૧૮ હજારથી વધીને ૪૦ હજાર થઈ ગયા છે. જેના પગલે કેન્દ્ર સરકારે ગયા વર્ષે ૧૬ જાન્યુઆરીથી ચાલી રહેલા દેશવ્યાપી મફત કોવિડ રસીકરણ અભિયાનને રોકવાનો નિર્ણય લીધોછે. મીડિયા રિપોર્ટ્સમાં સૂત્રોને ટાંકીને દાવો કરવામાંઆવ્યો છે કે કેન્દ્ર સરકારે હવે ફાર્મા કંપનીઓ પાસેથી કોવિડ વેકસિનના નવા કન્સાઈનમેન્ટ નહીં ખરીદવાનો નિર્ણય લીધો છે. રિપોર્ટમાં કોરોના મહામારીને લઈને ૩ વર્ષના લાંબા અનુભવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર સામાન્ય રીતે સ્વસ્થ લોકોને રસીનો ત્રીજો અને ચોથો ડોઝ ન લેવાની સલાહ પણ આપવા જઈ રહી છે.

# કોલકત્તા મેટ્રોએ ઈતિહાસ સર્જયો નદીની નીચે દોડી મેટ્રો ટ્રેન

કોલકત્તા તા. ૧૩ ભારતમાં કોલકતા મેટ્રોએ નવો ઈતિહાસ રચ્યો છે. સમગ્ર ભારતમાં પ્રથમવાર ટ્રેનને નદીની અંદર બનાવાયેલી સુરંગમાં દોડાવવામાં આવી હતી. હુગલી નદીમાંથી ટ્રેન કોલકતાથી હાવડા પહોંચી હતી. ટ્રાયલ રનમાં એન્જીનીયરો તથા અધિકારીઓને જ બેસાડવામાં આવ્યા હતા. ટ્રાયલ રન સાત માસ ચાલશે. ત્યારબાદ નિયમિત સેવા શરૂ કરવાનો ટારગેટ છે. હુગલી નદીની અંદર ૫૨૦ મીટરની ટનલનું અંતર ૪૫ સેકન્ડમાં કવર થઈ શકે છે. આ રૂટ નિયમિત સફર માટે ખુલ્લો મુકાયા બાદ હાવડા દેશનું સૌથી ઉંડુ મેટ્રો સ્ટેશન બની જશે જે સપાટીથી ૩૨ મીટર નીચે છે.


હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા..
ડો. સેતુલ કે. ડેડાણીયા
એમ.એસ. (ઓર્થો.)
ડો. ભાર્ગવી ડેડાણીયા
એમ.ડી. (એનેસ્થેસીયા)

સામવેદ ઓર્થોપેડીક હોસ્પીટલ
૩જો માળ, પેરી પ્લાઝા, અલ્કાપુરી સોસાયટી પાસે, સરદારબાગ, ઝાંઝરડા રોડ, રાણી સતી કોલોની, જૂનાગઢ. મો. ૭૦૪૬૪ ૪૪૮૪૮

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો


લોન... લોન... લોન...
ગૃહિણી (લેડીસ) ને જો ઘરનું મકાન હોય તો ૨૫૦૦૦ સુધી ની લોન મલશે લોન લેવા માટે ૧૯ વરસ હોવા જરૂરી છે
લોન લેનાર દરેક વ્યક્તિ ને સેમસંગનો મોબાઈલ ફ્રી આપવામાં આવશે
મો. ૮૧૫૫૮૮૩૯૩૮

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેક્ટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી વધુ નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન
સિમલા-મનાલી-ડેલહાઉસી
અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર
અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ
By Air
27000 Day-6
35000 Day-9
કેરાલા-મુન્નાર-થેકડી
ક.કુમારી-એલપ્પી-કોવાલમ
અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ
35000 Day-8
નૈનિતાલ
કોર્બેટ-મસુરી-હરિદ્વાર
કાશ્મીર
શ્રીનગર-વૈ.દેવી
GOA
3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ ● દાર્જીલીંગ-સિક્કીમ ● ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે
અદ્યતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધ્યાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.
મો.૭૫૭૫૮ ૦૯૫૮૫

# તા.૧૭ એપ્રિલથી સોમનાથ ખાતેથી સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમનો થશે પ્રારંભ

## મૂળ સૌરાષ્ટ્રવાસીઓ સદીઓ બાદ પણ પોતાની સંસ્કૃતિને ભૂલ્યા નથી, સૌરાષ્ટ્રીયન તમિલ લોકોનું ફરી પોતાના બાંધવો સાથે સોમનાથ મહાદેવના સાનિધ્યમાં થશે મિલન






વેરાવળ તા.૧૩

આગામી તા. ૧૭એપ્રિલથી સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમનો પ્રારંભ થઈ રહ્યો છે સૌરાષ્ટ્ર .ગુજરાત અને તમિલનાડુની સાંસ્કૃતિક અનુબંધને ઉજાગર કરતા આ કાર્યક્રમમાં તમિલનાડુના મહેમાનોને આવકારવા ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તૈયારીઓ થઈ રહી છે. સૌરાષ્ટ્ર અને તમિલનાડુ વચ્ચે સદીઓ જૂનો પુરાણો નાતો છે. સૌથી મોટી ગણવામાં આવતી હિજરતમાની એક એટલે આપણા સૌરાષ્ટ્રવાસીઓનું તામિલનાડુમાં હિજરત થવું. ભારત વર્ષના તમિલનાડુ રાજ્યમાં ૨૫ લાખ કરતા વધારે સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની જૂની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ તેમજ પોતાના સૌરાષ્ટ્ર વિસ્તારની પરંપરા અને વારસાને અકબંધ રાખી નિવાસ કરી રહ્યો છે. ૧૦૨૪નીસાલમાં મોહમ્મદ ગઝનીના આક્રમણ સમયે દરિયાઈ માર્ગે સોમનાથ પ્રભાસ પાટણ, વેરાવળથી અને આજુબાજુના વિસ્તારમાંથી સામુહિક સ્વરૂપે વસતા સૌરાષ્ટ્રવાસીઓ દરિયાઈ માર્ગે હિજરત કરી ખંભાત, સુરત અને ત્યારબાદ વિજયનગર સામ્રાજયમાં આશરો લઈ રહ્યા હતા. વિજયનગરના પતન બાદ રેશમ વણાટ કામ અને અન્ય હસ્તકલાઓમાં કૌશલ્ય ધરાવતા આ સમુદાયને મદુરાઈના રાજવંશ મહારાજાએ રાજ્યાશ્રય આપ્યો હતો. ૧૫૦૦ની સાલથી આ સમુદાય મદુરાઈ તેમજ આજુબાજુના વિસ્તારની અંદર સ્થાયી થયો છે.

વર્ષોથી તમિલનાડુમાં વસેલા આ સૌરાષ્ટ્રવાસીઓ આજે પણ સૌરાષ્ટ્રના રિતીરિવાજ, લગ્ન વિધિ પરંપરા, યજ્ઞ, ભજન સંસ્કૃતિ, સાંસ્કૃતિક વારસાને જાળવીને પણ ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. ૧૨૦૦વર્ષ પછી આજે આ સમુદાયએ તમિલનાડુમાં સૌરાષ્ટ્રવાસી તમિલ તરીકે પોતાની ભૂમિ, ભાષા, સંસ્કૃતિ, સાહિત્ય,વણાટ કલા સર્વેનો વારસો જાળવી તમિલનાડુમાં દરેક ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે. તેણે પોતાની તમામ પ્રકારની સૌરાષ્ટ્રવાસી તરીકેની પ્રણાલિકાઓ અખંડ રીતે જાળવી રાખી છે. પોતાની વૈદિક સંસ્કૃતિને બચાવવા દરિયાઈ માર્ગે હિજરત કરીને તમિલનાડુ ગયેલા આ સૌરાષ્ટ્રવાસીઓ સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમના માધ્યમથી ફરી સૌરાષ્ટ્રમાં ભગવાન સોમનાથની નિશ્રામાં એકઠા થવાના છે. સૌરાષ્ટ્રીયન તમિલ લોકો મુખ્યત્વે ચેન્નાઈ, મદુરાઈ, ડીંડીગુલ, પરમાકુડી, સાલેમ, કુમ્ભકોણમ, તન્જાવુર, તિરૂનેલવેલી અને ત્રિચી શહેરની આજુ-બાજુમાં સ્થાયી થયા હતા. આ સમુદાયના લોકો રેશમ કાપડની વણાટની કળામાં ખુબ જ પારંગત હતા, આજે પણ તેમની આ કલાની નોંધ સમગ્ર દેશમાં લેવાય છે. આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત સાથે જોડવાના પ્રયત્નો ૨૦૦૫થી કરવામાં આવી રહ્યા હતા અને ૨૦૧૦ની અંદર તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મદુરાઈ ખાતે વિરાટ સૌરાષ્ટ્ર સંગમનું આયોજન કરેલું હતું. પણ સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત આવો અભૂતપૂર્વ કાર્યક્રમ થવા જઈ રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના અને તેમની જન સમુદાયને પોતાના મૂળ સાથે જોડવાની પરિકલ્પના આ કાર્યક્રમથી મૂર્તિમંત થવા જઈ રહી છે.આ કાર્યક્રમ ૧૭ એપ્રિલથી પ્રારંભ થનાર છે. જેના થકી પુનઃ આપણી સંસ્કૃતિમાં નવી ચેતના ઉમેરાશે. આ સૌરાષ્ટ્ર–તમિલ સંગમ કાર્યક્રમ દરમ્યાન વિવિધ રમતો જે આપણા સૌરાષ્ટ્ર અને ત્યાં પણ રમાય છે તેવી વિવિધ રમતો રમવાનુ આયોજન કરવામાં આવ્યુંછે. આસાથેજ બિઝનેસ, ટેક્સટાઈલ જેવા વિવિધ સેમીનારો પણ યોજવામાં આવશે. ઉપરાંત જુદા-જુદા સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રવૃત્તિઓ યોજવામાં આવશે. તમિલનાડુના મહેમાનો દ્વારકા અને નાગેશ્વર અને શિવરાજપુર બીચની પણ મુલાકાત લેશે.ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના આઠ મંત્રીઓ તમિલનાડુના આઠ વિવિધ સ્થાનો પર આમંત્રણ આપવા ગયા હતા ત્યારે ત્યાં સૌરાષ્ટ્ર તમિલ સમુદાયમાં ગુજરાત આવવાનો, પોતાના મૂળ સાથે જોડાવા માટેનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. માત્ર મંત્રી તરીકે નહીં પણ એક ગુજરાતી તરીકે પણ ખૂબ આદર સત્કાર અને આવકારનો ભાવ મળ્યો હતો ત્યારે તમિલનાડુથી આવતા આ ભાઈઓ-બહેનોને આદરભાવથી આવકારી સૌરાષ્ટ્રના આતિથ્યભાવ સાથે આવકારવામાં આવશે. આમ, એક ભારત, શ્રેષ્ઠ ભારતની સૌરાષ્ટ્ર–તમિલ સંગમકાર્યક્રમથી પરિકલ્પાના ચરિતાર્થ થશે.

### તા.૧૭ મીએ તમિલ મહેમાનોનું વેરાવળ રેલ્વે સ્ટેશને સ્વાગત

આગામી તા.૧૭ મી એપ્રિલથી સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત મહેમાનોની પ્રથમ બેચનું વેરાવળ રેલવે સ્ટેશન ખાતે સ્વાગત કરાશે. બાદમાં સોમનાથ મંદિર પરિસરમાં મુલાકાત તેમજ દર્શન અને મ્યુઝિયમ મુલાકાત તેમજ રાત્રે લાઈટ એન્ડ સાઉન્ડ શો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સહભાગી થશે.ઉપરાંત સાસણ ગીરની મુલાકાત તેમજ દ્વારકા નાગેશ્વર શિવરાજપુર બીચ સહિતના સ્થળોએ મુલાકાત લેશે એક ટીમ સોમનાથમાં બે દિવસ અને પછીના દિવસે દ્વારકા જશે.

## સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમની તૈયારીઓ પૂરજોશમાં

# સૌરાષ્ટ્ર તમિલ કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ કલેકટર એચ.કે.વઢવાણીયા અધ્યક્ષસ્થાને ૧૫ સમિતિઓની કરાઈ રચના





વેરાવળ.તા.૧૩

સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમની પૂર્વ તૈયારી વ્યવસ્થા દેખરેખ તથા સંકલન માટે વિવિધ પ્રકારની આવશ્યક કામગીરી કરવાની માટે કલેકટરશ્રીની એચ.કે વઢવાણીયાની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત વિવિધ ૧૫ સમિતિઓની રચના કરવામાં આવી છે જેમાં મુખ્ય સંકલન સમિતી સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન અને તમામ સમિતિઓની કામગીરીનું માર્ગદર્શન અને સુપર વિઝન કરશે. કાયદો અને વ્યવસ્થાપન સમિતિ જે સમગ્ર કાર્યક્રમ દરમિયાન મહાનુભવો અને પ્રવાસીઓની સુરક્ષા ટ્રાફિક નિયમન કાર્યક્રમોના સ્થળો નક્કી કરવા પાર્કિંગના સ્થળની વ્યવસ્થા કરશે.કાર્યક્રમ મેનેજમેન્ટ સમિતિ કે જે નાગરિકો તેમજ વિવિધ પ્રકારના સંગઠનો સહિતના ઉપસ્થિત લોકો માટેનું માઈકોલેવલનું આયોજન તેમજ પાર્કિંગના સમયસર રૂટની વ્યવસ્થા વાહનોમાં જરૂરી સાઈન બોર્ડ

### મુળ સૌરાષ્ટ્રના અને તમિલનાડુ સ્થાયી થયેલા લોકોને આવકારવા સોમનાથમાં તૈયારીઓ

લગાવવા રૂટ નક્કી કરવા વાહનોની જરૂરિયાત સહિતની કામગીરી કરશે. સ્ટેજ વ્યવસ્થાપન સમિતિ કાર્યક્રમના સ્થળે મહાનુભવોશ્રીઓ માટે સ્વાગત સામગ્રી તેમજ લાઈટ સાઉન્ડ અને માઈક સિસ્ટમ એલ.ઈ.ડી ફ્લોરિંગ સોફા તથા સુશોભનની વ્યવસ્થા તેમજ પીવાના પાણીની વ્યવસ્થા અને વીજ વ્યવસ્થા કરશે. સભાસ્થળ ખાતે બેઠક વ્યવસ્થાપન સમિતિ જે અલગ અલગ બ્લોકવાઈઝ અધિકારીઓને નિમણૂંક કરી અને બ્લોકવાઈઝ બોર્ડ તૈયાર કરવા બ્લોકમાં પીવાના પાણીની વ્યવસ્થા કાર્યક્રમમાં સ્થળે મોબાઈલ શૌચાલયની વ્યવસ્થા, પાર્કીંગ વ્યવસ્થાપન સમિતિ જે પાર્કીંગના લેઆઉટ પ્લાન તૈયાર કરવો.રસ્તા ઉપર સાઈનબોર્ડ મુકવા તેમજ અલગ અલગ તાલુકામાંથી આવતા જનતાના વાહનો માટે પ્લોટ રૂટ નક્કી કરવા અને પાણી ટોઈલેટની વ્યવસ્થા અને પાર્કિંગના સ્થળેથી કાર્યક્રમના સ્થળ સુધીના વિસ્તારમાં મોબિલાઈજેશન અને માર્ગદર્શન આપશે.

આ ઉપરાંત હેલીપેડ તથા ક્રૂ મેમ્બર વ્યવસ્થાપન સમિતિ, તમિલ પ્રવાસીઓની ટૂર લાઈઝન સમિતિ, મંદિર દર્શન સમિતિ, ભોજન સમિતિ, સફાઈ વ્યવસ્થાપન સમિતિ ,આવશ્યક સેવાઓની સમિતિ તેમજ કંટ્રોલરૂમ સમિતિ અને ટ્રાન્સપોર્ટેશન અને વાહન ફાળવણીની વ્યવસ્થા સમિતિ સહિતની સમિતિઓની રચના કરવામાં આવી છે.

**સંબંધ સદીઓથી : તમિલનાડુના સૌરાષ્ટ્રવાસીઓ બીચ રમતોની મજા માણશે**

ગીર સોમનાથ જિલ્લામાં સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમને લઈને ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. આજથી સદીઓ પહેલા સૌરાષ્ટ્રથી સ્થાયી થયેલા તમિલ સૌરાષ્ટ્રીયન એટલે કે મૂળ સૌરાષ્ટ્રવાસીઓ ગુજરાતના મહેમાન થવા જઈ રહ્યા છે. આ ઐતિહાસિક ઘડીઓ તેમના માટે કાયમી માટે એક સંભારણું બની રહે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યા છે. જેમાં ભગવાન સોમનાથના મહાદેવના સાનિધ્યમાં અને અરબી સમુદ્રના કિનારે બીચ રમતોનું સવિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બીચ વોલીબોલ રસ્સાખેંચ, ડોઝબોલ વગેરે જેવી રમતો રમવામાં આવશે. આ સંદર્ભે જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજી ભાલીયા જણાવે છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સોમનાથ ખાતે યોજાનાર સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થનાર છે.

આ સાથે સદીઓ બાદ પોતાના વતનમાં ફરી રહેલા પરત ફરી રહેલા આપણા જ બાંધવોનો સૌરાષ્ટ્ર સાથેનો તેમનો નાતો પુનઃ જીવંત અને ધબકતો બને તે માટે તેમના માટે બીચ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. તેઓ સોમનાથ ખાતે અરબી સમુદ્રના કિનારે જુદી-જુદી બીચ રમતો રમશે. આ ઉપરાંત ભાવનગર ખાતે તમિલનાડુ અને ગુજરાતના જાણીતા ખેલાડીઓ વચ્ચે લોનટેનિસ, સ્વિમિંગ, કબડ્ડી, વોલીબોલ જેવી રમતો પણ રમાશે. ભાલીયાએ અંતમાં જણાવ્યું કે, આ સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમના માધ્યમથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની એક ભારત, શ્રેષ્ઠ ભારતની પરિકલ્પના પણ ચરિતાર્થ થશે.

## સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં દક્ષિણના વિદ્વાન પંડિતો દ્વારા મહાયજ્ઞનો પ્રારંભ : શુક્રવારે પૂર્ણાહુતિ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં દક્ષિણના પરંપરાગત ભિકત વાધો, પવિત્ર વૈદમંત્રોચ્ચારો, ભકિત પાઠ, ગુરૂ દર્શનની સાથે મહાયજ્ઞનો આરંભ ગત તા.૧૧થી થયેલ છે જે ચાર દિવસ સુધી દિવ્ય ભવ્ય અને પારંપરીક વેદ મંત્રોચ્ચાર, દ્રવ્યો, જળ સાથેની પૂજાઓનો ધર્મલાભ મળનાર છે.

વિશ્વ પ્રસિધ્ધ ભારત બાર જયોતિર્લિંગ પ્રથમ ભગવાન સોમનાથ મહાદેવ સાનિધ્યમાં સોમનાથ મંદિરના કિલ્લાવાળા હનુમાનજી મંદિર પાસે આવેલ દરિયાઈ ચોપાટીના વિશાળ મેદાનમાં તામિલનાડુ વિશ્વાન પંડિતો દ્વારા ગત તા.૧૧ એપ્રિલથી તા.૧૪ સુધી સમગ્ર વિશ્વ શાંતિ અર્થે મહાઅતિરૂદ્ર યજ્ઞનું આયોજન કરાયેલ છે. માણીકયવાસગા સ્વામીગલ મઠ, કુનમ પટ્ટી, કલ્યાણપુર, આદાનમ મઠના ૭૦૦ ભાવિકો આ યજ્ઞમાં જોડાયેલ છે જેમાં ૧૨૦ પૂજારી અને ૫૮૦ ભકતોનો સમાવેશ થયેલછે. ચોપાટી ઉપર ૧૫૦-૧૦૫ નો વિશાળ ડોમ બાંધવામાં આવ્યો છે. દક્ષિણ ભારતના પેલેસ એટલે કે મહાલય મંદિર બનાવવામાં આવ્યું છે. આ યજ્ઞમાં ૧૦૦૮ દ્રવ્યોની આહુતિ હોમાશે. યજ્ઞશાળામાં પાંચ યજ્ઞકુંડ અને મધ્યમાં ૨૦ફુટ વિશાળ કળશ આકૃતિ ઉપર ૧૦૦૮ કળશ પૂજા કરાતી રહેશે અને ખાસ ઉભા કરાયેલ યજ્ઞ મંદિરની ઉપરની બોર્ડર ઉપર નંદીના તોરણો અને પ્રત્યેક સ્થંભો ઉપર શિવ પ્રતિકો દોરવામાં આવ્યાં છે. જેવા કે ડમરૂ, ત્રિપુંડ, ત્રિશુલ, શિવલીંગ નંદી વગેરે યજ્ઞ શાળા મંદિરની તમામ ઘરની ગાયમાતાના પવિત્ર ગોબરથી લીપણ કરવામાં આવેલ છે. પ્રભાસક્ષેત્રમાં ખુબ જ લાંબા સમયે આવો યજ્ઞ યોજાયો છે.

# સોમનાથ ખાતે બે દિવસીય સહસ્ત્રો પાર્થિક મહાશિવલિંગ પૂજા યોજાઈ

## વિવિધ રાજયોના ૧૫૦૦થી ૧૭૦૦ શિવભાવિકો પાર્થિવ શિવલિંગ પૂજામાં બન્યા ભકિતમય







(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૩

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર સાનિધ્યે સોમનાથ ટ્રસ્ટના યાત્રિ સુવિધા કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય પાર્થિવ શિવલિંગ મહાપુજા તા.૧૧ થી ૧૪ યોજાઈ. સંત દેવપ્રકાશ શાસ્ત્રીજીની સ્મૃતિમાં તથા પંડીત સંત અનિલ શાસ્ત્રીજી સાનિધ્યમાં પાર્થિવ શિવલિંગ નિર્માણ પૂજન, વિર્સજન ધર્મોત્સવ કાર્યક્રમો યોજાયા જેમાં એમ.પી., બિહાર, ઉતરપ્રદેશ, રાજસ્થાન સહિત દેશના જુદા જુદા રાજયોના ભાવિક ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. ૧૬૦૦ જેટલા ભાવિકો સોમનાથ પધાર્યા સવારે ૭થી સવારે ૧૦ સુધી પાર્થિવ શિવપૂજા, ધુન, આરતિ, સત્સંગ, સંત પ્રવચન યોજાયું અને ભકિતમય વાતાવરણમાં સોમનાથ સમુદ્રમાં શહસ્ત્રો શિવલિંગોનું વિર્સજન કરાયું. આવી જ રીતે આજ તા.૧૩ એપ્રિલના રોજ પણ આવો જ કાર્યક્રમ યોજાયો અને વિસર્જન થયું હતું તેમજ આવતીકાલ તા.૧૪ એપ્રિલે દ્વારકા ખતે આજ પ્રકારની પૂજા આ જ ભાવિકો ભગવાન સાનિધ્યે કરશે.

**પાર્થિવ શિવલિંગ પૂજા શું છે**

પાર્થિવ શિવલિંગ એટલે કે માટીને પલાળી તેમાંથી નાના નાન શિવલિંગો બનાવી તેને થાળી કે પાટલા ઉપર રાખી ફુલ, અબિલ, ગુલાલ, દ્રવ્યથી વેદમંત્રોચ્ચાર અને ભજન કે શિવનામ સ્મરણ સાથે પૂજા, દિવ્ય આરતી, દર્શન કરી નિયત કરાયેલા સમયે માટીના આ શિવલિંગોને આદર-ભકિતભાવ સાથે જળાશયોમાં લઈ જઈ જય જયકાર સાથે વિર્સજન કરાય છે. સોમનાથના આ કાર્યક્રમાં પ્રભાસ પાટણના ગામના રામમંદિરના મુખ્ય પૂજારી ગોવિંદ પ્રસાદજીએ ધર્મ સહભાગી બની સહયોગ સાથે ભાગ લીધો હતો.

# વેરાવળ રેલ્વે ફાટકનાં ઓવરબ્રીજ પાસેનો સર્વિસ રોડ ધારાસભ્યની દરમ્યાનગીરીથી ખુલ્લો મુકાયો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

વેરાવળ ખાતે રેલ્વેના ફાટક ઉપર ઓવર બ્રિજનું કામ શરૂ થયેલ છે પરંતુ સર્વિસ રોડ ન હોય જેથી સોમનાથના ધારાસભ્યે સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ બ્રિજની કામગીરી કરનાર કંપનીના એન્જિનિયર તથા જવાબદાર અધિકારીઓને સાથે રાખી જરૂરી સૂચનો કરતા એક બાજુનો સર્વિસ રોડ ખૂલ્લો મૂકવામાં આવેલ છે.

ગુજરાત વિધાનસભાના ઉપદંડક અને સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા દ્વારા રેલ્વેફાટકઉપર ઓવર બ્રિજના કામો શરૂ થયેલ છે ત્યારે તાલાલા ચોકડી ખાતે આવેલ રેલ્વે ઓવર બ્રિજનું કામ શરૂ થયેલ પરંતુ બંને બાજુ સર્વિસ રોડ બંધ હોવાથી ધારાસભ્ય દ્વારા રૂબરૂ સ્થળ ઉપર જઈ બ્રિજનું કામ સાંભળતી કંપનીના એન્જિનિયર તેમજ જવાબદાર અધિકારીઓને સાથે રાખી જરૂરી સૂચનો આપી જણાવેલ કે આ ઓવર બ્રિજનું કામ લોકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે મંજૂર કરાવેલ છે. લોકોની મુશ્કેલીઓ વધારવા માટે નહીં અને હાલ એક બાજુનો સર્વિસ રોડ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે અને વહેલી તકે સર્વિસ રોડનું કામ પૂર્ણ કરવા જણાવેલ ત્યારે ઉચ્ચ અધિકારીઓ દ્વારા એક બાજુનો સર્વિસ રોડ ખૂલ્લો મૂકવામાં આવેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# મોબાઈલનાં વણગણમાંથી દૂર થશો તો શાંતિનો અનુભવ થશે

કમ્પ્યૂટર ગેઈમ, મોબાઈલ ગેઈમ, સોશિયલ મીડિયા, નેટસર્ફિંગના આગમન સાથે જીવનનો આનંદ માણવાનો આસાન માર્ગ ઉપલબ્ધ થયો છે, પરંતુ તેમાં દિવસનો ઘણો સમય ખર્ચાઈ જાય છે. આનંદની અનુભૂતિ મોબાઈલ ફોન, ટીવી, વીડિયો ગેઈમ, પોર્ન વીડિયો, દારૂ અને સિગારેટ જેવી કેટલીક બાબતો પૂરતી મર્યાદિત થઈ રહી છે. કામ કરવાનો સમય ઓછો મળતાં તેની માઠી અસર જોવા મળતી થઈ છે. મોબાઈલની સામે વાસ્તવિક જીવનમાંથી મળતો આનંદ ફિક્કો લાગે છે. પરિવારજનો સાથે વાતચીત, સગાંસંબંધીઓ સાથે ગોઠડી, વાંચન, બાગકામ વગેરે જેવી બાબતો અપ્રિય થઈ પડી છે. કમ્પ્યૂટર ગેઈમની રચના જ એવી રીતે કરવામાં આવી હોય છે કે તે સતત રમતા રહેવાનું મન થાય. તેથી તેના સિવાય ચેન પડતું નથી.

જાણકારો કહે છે કે મગજમાં ડોપામાઈન નામના એક રસાયણિક દ્રવ્યના સ્ત્રાવથી આ પ્રકારનો આનંદ મળે છે. ડોપામાઈન એક ન્યૂરોટ્રાન્સમિટર હોવાથી તે બે કોષોને સંવાદ માટે જોડે છે. તે બન્ને કોષો વચ્ચેનો ઈન્ટરફેસ છે. ડોપામાઈનનો સ્ત્રાવ એક ક્ષણ કે તેથી ઓછા સમય માટે થાય છે. આવી અનુભૂતિની સતત ઈચ્છા થતી રહે છે. તેથી એવી સાતત્યસભર અનુભૂતિ માટે આપણે એકનું એક કામ, જેમ કે મોબાઈલ ફોનનો સતત વપરાશ પણ વારંવાર કરતા રહીએ છીએ. અહીં મુદ્દો ડોપામાઈનનો નથી, પરંતુ આ બધી વસ્તુઓની સહજ ઉપલબ્ધતાનો છે. મોબાઈલ અને કમ્પ્યૂટર આસાનીથી ઉપલબ્ધ હોવાથી આપણે તેના ભણી વળીએ છીએ અને ક્ષણેક્ષણનો આનંદ માણીએ છીએ. સામાન્ય રીતે મગજ 'યુઝ ઈટ ઓર લૂઝ ઈટ'ની કુદરતી વ્યવસ્થા અનુસાર તેનું પ્રમાણ જાળવી રાખવાનો પ્રયાસ કરે છે, પરંતુ આપણું મન જયારે ખરેખર ઉદાસ હોય અને ડોપામાઈન દ્વારા તેને ઉત્તેજિત કરવું જરૂરી હોય ત્યારે મોબાઈલ કે બીજાં વ્યસનોની જરૂર પડે છે. એ સમયે આવા શોર્ટકટનો ઉપયોગ કરવામાં આવે છે.

અગાઉ જે બાળકો ૧૦-૧૫ મિનિટ મોબાઈલ જોઈને પાછો આપી દેતાં હતાં એમને મોબાઈલ સાથે બે કલાક સુધી રમ્યા વિના સારું લાગતું નથી. અગાઉ બધું કામ પતાવ્યા પછી આપણે મોબાઈલ ફોનને હાથમાં લેતા હતા, પરંતુ હવે આપણને તે સતત હાથમાં રાખવાની ઈચ્છા થાય છે. આ વાત દારૂ કે સિગારેટ પીનારાઓને પણ લાગુ પડે છે. તેમને પણ નિશ્ચિત સમયાંતરે વ્યસનની તીવ્રતા વધાર્યા વિના સારું લાગતું નથી. યાદ રહે કે કોઈ પણ વ્યસનના ચક્રમાં ફસાયેલી વ્યક્તિ તેના મન તથા શરીર પરનો કાબૂ ક્યારે ગુમાવી બેસે છે તેની તેને ખબર પડતી નથી. વ્યક્તિ લત લાગે તેવાં તમામ ઉપકરણોથી દૂર રહે તે જરૂરી છે. જે ક્રિયાઓથી વ્યસન જેવી લાગણી જન્મે એ ક્રિયાઓ કરવાનું થોડા સમય માટે ટાળવું જોઈએ. તેમાં ટીવી, મોબાઈલ, ઓટીટી પ્લૅટફૉર્મ પર બિંજ વોચિંગમાં ૧૦-૧૨ કલાક આખી વેબ સીરિઝ નિહાળવી કે મોબાઈલ કે ટીવી પર કાર્યક્રમો નિહાળવા અને ચટાકેદાર બહારના ભોજનનો પણ સમાવેશ થાય છે.

ટૂંકમાં મનમાં ઉત્સાહ, ઉત્તેજનાની લાગણી સર્જતી ક્રિયાઓ કરવાનું થોડા સમય માટે ટાળવાથી ફાયદો થશે. મોબાઈલ, ટીવી કે બીજી કોઈ સ્ક્રીન વિના પણ આપણે જીવી શકીએ છીએ એવું સમજવાથી આગળનો માર્ગ સરળ થઈ જાય છે. સૌને મોબાઈલથી દૂર રહેવાથી શાંતિનો અનુભવ થયો જ હશે. નવા વિચારો આવ્યા હશે. ઘણા લોકોએ હવે એવું સ્વીકારી રહ્યા છે કે મોબાઈલથી દૂર રહેવાથી તેમને તેમનાં સગાંથી, પરિવારજનો સાથે નિરાંતે વાત કરવાનો સમય મળ્યો. રમતો રમવી, બહાર ફરવા જવું, નવી વસ્તુઓ કરવી, બાગકામ કરવું કે લોકો સાથે વ્યક્તિગત (ફોન પર ચેટિંગ નહીં) સંવાદ કરવા જેવી ક્રિયાઓ વડે આનંદ મેળવવાના પ્રયાસ કરવા જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જીવ જે કર્મ કરે તેનું ફળ તેને જ ભોગવવું પડે છે.

- આચાર્ય ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર વદ-૮ કાલાષ્ટમી, મુ. શહાદતે હજરતઅલી તા.૧૩ એપ્રિલ ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૨૧, પૂર્વાષાઢા નક્ષત્ર, શિવ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૩૪, સૂ.અ.૭:૦૯

આજનો દિવસ સવારે ૧૦:૪૨ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), સાંજે ૪:૨૨ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. સ્વજન સાથે મતભેદ થાય.
વૃષભ: આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સંભાળવું.
મિથુન: ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.
કર્ક: અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.
સિંહ: આર્થિક સમસ્યા ઉકેલાઈ જાય. તમારી ઈચ્છા ફળતી લાગે.
કન્યા: માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.
તુલા: મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.
વૃશ્ચિક: આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.
ધન: ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. મહત્વની સમસ્યા ઉકેલાય.
મકર: ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.
કુંભ: આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.
મીન: પુરૂષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.

"સ્ત્રી જ પરસ્ત્રીની તારણહાર" સહકાર ક્ષેત્રના "સહકારથી સમૃધ્ધિ"ના સુત્રને સાર્થક કરતી

# ઝાંસી ધનલક્ષ્મી, ઝાંસી પુત્રીરત્ન, ઝાંસી વીરાંગના જેવી અનેકવિધ પારદર્શક યોજનાઓ થકી સ્ત્રીસશક્તિકરણ-સહભાગિતા-ઉત્થાન માટે મહિલાઓની લક્ષ્મીવૃધ્ધિ-અશરફી પથદર્શક રાજકોટની "ઝાંસી લક્ષ્મીબાઈ મહિલા શરાફી મંડળી" : જિલ્લા રજિસ્ટ્રાર વિશાલ કપુરીયા

## છ વર્ષના ટૂંકાગાળામાં ૪૦ કરોડની થાપણ અને ૪૨ કરોડની લોન સાથે મંડળીની મહિલાઓ અન્ય મહિલાઓને બનાવી રહી છે આત્મનિર્ભર






"સહકારી ક્ષેત્ર" એટલે લોકોને ઓછા વ્યાજદરે આર્થિક રીતે મદદ કરીને તેમના રોજગાર-ધંધા અને સ્વપ્નોને પૂરા કરવાના હેતુ સાથે ધબકતું ક્ષેત્ર. સહકારી ક્ષેત્રની આ વિચારધારાને સારી રીતે પરિપૂર્ણ કરે છે રાજકોટ જિલ્લાની "ઝાંસી લક્ષ્મીબાઈ મહિલા શરાફી સહકારી મંડળી"."સહકારથી સમૃધ્ધિ"ના સૂત્રને ચરિતાર્થ કરતી ઝાંસી લક્ષ્મીબાઈ મહિલા શરાફી મંડળીના ઉદભવ વિશે વાત કરતાં મેનેજરશ્રી અશોકભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, આજદિન સુધી મેં અનેક જગ્યાએ નોકરી કરી છે પણ જ્યારે મને ખબર પડી કે મારી ગૌરીદળ ગામની ઓફીસમાં સફાઈ કામ કરતી મહિલાઓ રોજગારને વેગ આપવા અને ઘરની જરૂરીયાતોને પુરી કરવા ઊંચા વ્યાજદરે ધિરાણ લઈને જીવન જીવી રહ્યા છે. ત્યારે આ વાતે મારા મન ઉપર ઉંડી અસર કરી અને વિચાર આવ્યો કે સહકારી ક્ષેત્રની વ્યાખ્યાને સાબિત કરતી મંડળીની રચના કરવી જોઈએ, જેમાં આર્થિક શોષણ થયા વિના મહિલાઓનો સામાજિક અને આર્થિક ઉત્કર્ષ સુનિશ્ચિત થાય. બસ, આ વિચારને અમલમાં મુકીને માત્ર ૧૦૦ બહેનોના સહકાર સાથે વર્ષ ૨૦૧૬માં ૮૦ થી ૮૫ લાખના ધીરાણ સાથે ઝાંસી લક્ષ્મીબાઈ મહિલા શરાફી મંડળની શરૂઆત કરી હતી. સહકારના અમૃતબિંદુ સાથે ભાડાના મકાનથી શરૂ કરીને આજે પોતાની માલિકીની અસ્કયામતમાં ઝાંસીની મહિલા મંડળીમાં વિશ્વાસના તાંતણે આજે ૮૦૦૦થી વધુ મહિલા સભ્યો જોડાયા છે. જેમાંથી અત્યારે ૪૦૦૦ મહિલાઓએ પર્સનલ લોન મેળવી છે. છ વર્ષના ટુંકાગાળામાં મંડળી રૂ. ૪૨ કરોડની ધીરાણ, રૂ. ૪૦ કરોડની થાપણ, રૂ. ૬ કરોડની શેર કેપીટલ અને રૂ. ૭ થી ૮ કરોડની સરપ્લસ સાથે મંડળીએ અનેક મહિલાઓના જીવનમાં રોનક લાવી છે. તેમની સમસ્યાઓને સાંભળીને કોઈ પણ પ્રકારના ફોર્મ ચાર્જ લીધા વિના, આંટીઘુંટી ભર્યા નિયમો વિના બહુ સરળતાથી ન્યુનત્તમ વ્યાજના દરે પર્સનલ લોન આપવામાં આવે છે. કોરોના કાળમાં મંદ પડેલા રોજગાર-ધંધાને ફરી ઉભા કરવા રાજયસરકારે આત્મનિર્ભર લોન જાહેર કરી હતી. જે અંતર્ગત અમારી મંડળીએ આશરે ૪૬ મહિલાઓને ૨ ટકાના વ્યાજે રૂપિયા ૧ લાખની લોન આપી હતી. મંડળીને શરૂ કરવામાં રાજકોટ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીનો સક્રિય સહયોગ મળ્યાનું મેનેજરશ્રી અશોક સોલંકીએ જણાવ્યું હતું.

રાજકોટ જિલ્લા રજિસ્ટ્રારશ્રી વિશાલ કપુરીયાએ ઝાંસી મહિલા શરાફી મંડળીને સ્ત્રી સશક્તિકરણનું સચોટ ઉદાહરણ દર્શાવતા કહ્યું હતું કે, હાલના તબક્કે સહકાર ક્ષેત્રે મહિલાઓની સહભાગિતામાં વધારો કરવા માટે ઝાંસી મહિલા શરાફી મંડળી જેવી સંસ્થાઓ મહત્વની ભુમિકા અદા કરી રહી છે. સહકારથી સમૃધ્ધિના આયામ સર કરતી આ મંડળી મહિલાઓને આત્મનિર્ભર તો બનાવી જ રહી છે સાથો સાથ અન્ય સંસ્થાઓ અને સહકાર ક્ષેત્રે સહભાગિતા, મહિલા ઉત્થાન અને સ્ત્રી સશક્તિકરણ માટે દિશા સુચક છે. મંડળી સાથે છેલ્લા સાત વર્ષથી એકાઉન્ટંટ તરીકે કામ કરતાં સજ્જનબેન રાઠોડે કાર્યાનુભવ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, મંડળી પરિવારની ભાવના સાથે ચલાવવામાં આવે છે. અમને સરકારી કર્મચારીની જેમ ગ્રેચ્યુઈટી, ઈ.પી.એફ., ઈ.એસ.આઈ.સી., પગાર, બોનસ બધુ આપવામાં આવે છે. અહીની કામગીરી અમને રોજગારી સાથે અનેરા આત્મસંતોષની અનુભૂતિ કરાવે છે. આ મંડળી થકી અનેક મહિલાઓના જીવનમાં ખુશીઓનો સોનેરી પ્રકાશ ફેલાયો છે. હાઉસ વાઈફ અને નાનો મોટો વેપાર કરતી મહિલાઓ સરળતાથી પર્સનલ લોન મેળવીને આર્થિક રીતે પગભર થઈ છે. ૪૦ થી ૫૦ મહિલાઓની તો હું સાક્ષી છું કે જેઓ વ્યવસ્થિત લોન ભરપાઈ કરીને આત્મનિર્ભર બની છે. મંડળીમાંથી પર્સનલ લોન લઈને પુત્રવધુને આર્થિક રીતે સ્વતંત્ર બનાવનાર શિલ્પાબેન ભટ્ટીએ કહ્યું હતું કે, હું છેલ્લા પાંચ વર્ષથી આ મંડળી સાથે જોડાયેલી છું. પર્સનલ લોન લઈને મેં ઘરનું રીનોવેશન કરાવ્યું, પુત્રવધુને પાર્લરનો વ્યવસાય શરૂ કરાવીને જાતે કમાતી કરી. આ મંડળી ખરેખર મહિલાઓના ઉત્કર્ષ માટે ખુબ સારું કામ કરી રહી છે. લોનના હપ્તા પણ અમારી ક્ષમતાઓ મુજબના કરી આપે છે. શિલ્પાબેનની વાતમાં સુર પુરાવતાં ગૌરીબેન ઝાલાએ ઉમેર્યું હતું કે, અન્ય બેંકો અને મંડળી ઉંચા દરે લોન આપે છે જ્યારે મંડળીમાં ન્યુનત્તમ ૧૧ ટકાના દરે લોન આપવામાં આવે છે. આ મંડળીની લોનને કારણે અનેક મહિલાઓનું ઘરના ઘરનું સ્વપ્ન, પ્રસંગ, નોકરી ધંધા અને નાની મોટી જીવન જરૂરિયાત પુરી થઈ રહી છે. અહીંનો સ્ટાફ પણ ખૂબ સહયોગી છે. ઝાંસી ધનલક્ષ્મી, ઝાંસી પુત્રી રત્ન, ઝાંસી વીરાંગના, ઝાંસી ધનવૃધ્ધિ, ઝાંસી આવક યોજના વગેરે જેવી પારદર્શક યોજનાઓને કારણે મહિલાઓ ભવિષ્ય માટે બચત કરી શકે છે. ઝાંસી મંડળીએ મહિલા માટે સહકારને સાચા અર્થમાં સાકાર કર્યું છે.


ઉલ્લેખનીય છે કે, સહકારની ભાવના અને મહિલાઓના ઉત્થાન માટે કામ કરતી મંડળીનો સમગ્ર સ્ટાફ મહિલાઓનો જ છે. બોર્ડ મેમ્બરની ૧૫ મહિલા સભ્યોથી લઈને એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર, આસીસ્ટન્ટ સોફટવેર ડેવલપમેન્ટ ઓફિસર, એકાઉન્ટન્ટ, કેશિયર, લોનઓફિસર, રીકવરી ઓફિસર, રીકવરી કો-ઓર્ડીનેટર, કેરટેકર, પ્યુન વગેરે તમામ જગ્યાઓ મહિલાઓ જ દક્ષતાપૂર્વક સંભાળી રહી છે. રાજયસરકારેના સહકારી ક્ષેત્રના વિકાસમાટેના અનેકપરિણામલક્ષી પગલાઓનેલીધે દૂધ ઉત્પાદકો અને ખેડુતો માટે સહકારી મંડળીઓ મહત્વની ભુમિકા ભજવી રહી છે. ત્યારે રાજકોટ જિલ્લાની મહિલા શરાફી મંડળી "સહકારથી સમૃધ્ધિ"ના પરિમાણ પર ચાલીને ખરી રીતે અન્ય મંડળીઓ માટે આદર્શરૂપ બની રહી છે તેમાં બેમત નથી.

આલેખન—રિધ્ધિ ત્રિવેદી, પ્રિયંકા પરમાર

"સાથ, સહકાર અને સેવા"ની ભાવના સાથે કામ કરતી ગુજરાત સરકારની આરોગ્ય ક્ષેત્રે લોકોને મળતી ત્વરિત સેવાઓનું શ્રેષ્ઠ ઉદાહરણ

# બૂટપોલિશનું કામ કરતા વાલજીભાઈને "આયુષ્માન કાર્ડ" થકી નિ:શુલ્ક હાર્ટની બાયપાસ સર્જરીથી નવજીવન મળ્યું

## વાલજીભાઈને પાંચ દિવસ આઈ.સી.યુ.માં રહેવા ઉપરાંત ડિસ્ચાર્જ વખતે ઘરે જવા માટે રૂા.૩૦૦ પણ મળ્યા





રાજકોટના જયુબિલી વિસ્તારમાં રસ્તાના કિનારે બેસીને બુટપોલિશ તથા બૂટ-ચપ્પલ રીપેરીંગનું કામ કરતા વાલજીભાઈ દેવશીભાઈ થારૂને ૫૭ વર્ષે હાર્ટએટેક આવ્યો. તાત્કાલિક બાયપાસ સર્જરી કરવી પડશે, તેવું નિદાન થયું. ઘરની સ્થિતિ સામાન્ય એટલે બાયપાસ સર્જરી માટે લાખો રૂપિયા ક્યાંથી કાઢવા? તે પ્રશ્ન ઊભો હતો. પણ આ પરિવાર પાસે આયુષ્માન કાર્ડ હતું. એટલે પરિવારના સભ્યોએ ખર્ચની કોઈ જ ચિંતા વિના વાલજીભાઈને તાત્કાલિક રાજકોટની ક્રાઈસ્ટ હોસ્પિટલમાં દાખલ કરાવ્યા. જ્યાં તેમની બાયપાસ સર્જરી સફળતાપૂર્વક થઈ. પાંચ દિવસ તેઓ આઈ.સી.યુ.માં રહ્યા. હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ લેતી વખતે ઘરે જવા માટે તેમને ભાડાના રૂપિયા ૩૦૦ પણ આયુષ્માન કાર્ડ મારફતે મળ્યા. હાલ વાલજીભાઈ સ્વસ્થ છે. રોજ સવારે પોતાના સરસામાન સાથે કામે જવા નીકળે છે અને આખો દિવસ સ્ફૂર્તિ સાથે કામ કરે છે.

"સાથ, સહકાર અને સેવા"ની ભાવના સાથે કામ કરતી ગુજરાત સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં હાલમાં સુશાસનના ૧૦૦ દિવસ પૂર્ણ કર્યા છે. આ દરમિયાન આરોગ્યક્ષેત્રે ગુજરાતમાં લોકોને કેટલી ત્વરિત અને અસરકારક આરોગ્ય સેવાઓ-સારવાર મળી રહી છે, તેનું ઉદાહરણ રાજકોટના વાલજીભાઈ થારૂ છે. વાલજીભાઈ થારૂ રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં રહે છે. તેઓ બૂટપોલિશ, બુટ-ચપ્પલ રીપેરીંગ તથા અન્ય નાના-મોટા સમારકામ કરીને કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં પત્ની છે, એક દીકરો છૂટકમજૂરી કરી છે જ્યારે બીજો દીકરો ખાનગી નોકરી કરે છે. બંને દીકરા પરીણિત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે આયુષ્માન ભારત યોજના લોન્ચ કરી, ત્યારે વાલજીભાઈએ પણ આયુષ્માન કાર્ડ કઢાવેલું. જો કે તેમને સપનેય ખ્યાલ ન હતો કે, આ કાર્ડ ઈમરજન્સીમાં તેમની સર્જરી માટે મોટો સહારો બનશે. વાલજીભાઈને ડીસેમ્બર-૨૦૨૨માં હાર્ટએટેક આવ્યો હતો અને તેમને તત્કાલ બાયપાસ સર્જરી કરાવવાની જરૂર પડી હતી. ૩૦મી ડિસેમ્બરે તેમને રાજકોટની ક્રાઈસ્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને ૩૧મી ડિસેમ્બરે તેમના ઉપર કાર્ડિયો થોરાસિસ વાસ્ક્યુલર સર્જરી (બાયપાસ સર્જરી) પણ થઈ ગઈ! આ સર્જરીના રૂપિયા ૧,૧૮,૦૦૦ આયુષ્માન કાર્ડમાંથી ચુકવાયા હતા. પિતાની સર્જરીના અનુભવ અંગે પુત્ર પ્રેમ થારૂ કહે છે કે, "જો અમારી પાસે આયુષ્માન કાર્ડ ના હોત તો અમે આટલી જલ્દી, આટલી સારી પ્રાઈવેટ હોસ્પિટલમાં મારા પપ્પાના હૃદયની બાયપાસ સર્જરી ના કરાવી શક્યા હોત. સરકારની આ યોજના ગરીબ અને મધ્યમવર્ગ માટે ખૂબ જ ફાયદાકારક છે અને અમારી અપીલ છે કે વધુમાં વધુ લોકો આનો લાભ લે."

વાલજીભાઈનાં પત્ની ભાનુબહેન કહે છે કે, "એ થોડા સમયથી બીમાર રહેતા હતા. હૃદયની તકલીફ હતી. હાર્ટએટેક આવ્યા પછી તાત્કાલિક બાયપાસ ઓપરેશન કરવું પડે તેમ હતું. પ્રાઈવેટ હોસ્પિટલમાં ઓપરેશન કરાવી શકીએ એટલા રૂપિયા તો ઘરમાં ક્યાંથી હોય?. પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર, કે તેમણે લાગુ કરેલી આયુષ્માન યોજનાનો લાભ અમને મળ્યો અને અમે એમનું (પતિ)નું તાત્કાલિક ઓપરેશન કરાવી શક્યા. આ યોજના ખૂબ જ સારી છે અને ગરીબો માટે તો આશીર્વાદરૂપ છે. અમે ગુજરાત સરકારનો અને વડાપ્રધાન મોદી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ, કે તેઓ ગરીબોના કલ્યાણ માટે આવી સરસ યોજનાઓ લાવ્યા છે."

અહેવાલ — સંદીપ કાનાણી

# • રમઝાન મુબારક •




## જાતિભેદ અને ઈસ્લામ

પશ્ચિમી સંસ્કૃતિ માનવતાનાં ભાગલા કરવામાં વિશ્વાસ ધરાવે છે. તેણે હંમેશા એવા દષ્ટિકોણને પ્રોત્સાહન અને બળ આપ્યું છે, જે માનવીને નાત-જાત, વંશ, કુટુંબ, રંગ, ભાષા અને જાતિમાં વહેંચે છે. પછી આ બુનિયાદોને સ્વીકારી લઈ હક્કો અને ફરજો નક્કી કરે છે. તદુપરાંત આ કૃત્રિમ અને બિન કુદરતી વહેંચણીને પોતાના સામાજીક માળખામાં બે વિપરીત હેતુઓ માટે ઉપયોગમાં લેવાની યોજના ઘડી કાઢી છે. એક બાજુ તો એણે ભેદભાવને મજબૂત કર્યો છે, જ્યારે બીજી બાજુ તેનાં કારણે ઉપરસ્થિત થતાં પરિણામોનાં નિરાકરણ માટે હક્કો અને ફરજોની જંગ છેડી છે. ઈસ્લામ એવો દીન (ધર્મ) છે જે જાતી અસમાનતાને રદ કરે છે. જીવન વિષેની એની કલ્પના પ્રમાણે માનવતાના ભાગલા એ જગતના પરવરદિગાર (ખુદા)ના ડહાપણ અને મરજી વિરુદ્ધ છે. તમામ માનવજાત ખુદાની નજરમાં સમાન મહત્વ અને સંમાનને માત્ર છે. તેણે જ દુનિયા બનાવી છે તેની નેમતો (સમગ્ર સર્જન) દરેક માટે પુષ્કળ છે. તેનાથી લાભ લેવાનો દરેકને અધિકાર છે. કુર્આને કરીમે માનવીય સમાનતાની જે કલ્પના આપી છે તેનું સ્પષ્ટ વિવરણ આ આદેશમાં મોજૂદ છે:

"એ અલ્લાહ જ છે જેણે તમને એક જીવમાંથી પેદા કર્યા અને તેની જાતિમાંથી તેનું જોડું બનાવ્યું." (સૂર : આરાફ - ૧૮૯)

બીજી જગ્યાએ કુર્આને કરીમમાં આ મૂળભૂત વિચારને એ રીતે રજૂ કર્યો છે કે, માનવજાતની રચનાની દષ્ટિએ પુરુષ અને સ્ત્રીની શરૂઆત એક જ તત્વથી થયેલ છે. માટે પોતાના મૂળની દષ્ટિએ બન્ને બરાબર છે.

"પછી તે એક માંસનો લોચો બન્યો, પછી અલ્લાહે તેનું શીર બનાવ્યું અને તેના અંગો સપ્રમાણ કર્યા. પછી તેના વડે પુરુષ અને સ્ત્રીની બે જાતો બનાવી."

(સૂર : કિયામહ - ૩૮,૩૯)

**રોઝા : ૨૧ ગુરૂવાર**

જીવન વિશેની ઈસ્લામી કલ્પનાની રૂએ બન્ને જાતિઓ પોતાની રચનાની દષ્ટિએ એક જ સજીવ તત્વથી સંબંધિત છે અને એક જ સર્જનહારની સર્જન યુક્તિનું સ્પષ્ટિકરણ છે એટલા માટે એમનામાં કોઈ પણ પ્રકારની અસમાનતા ખોટી છે. તેમજ અલ્લાહની હિકમતની વિરૂદ્ધ છે. પોતાના મૂળ સર્જનની દષ્ટિએ પુરુષને ઉચ્ચતર સ્થાને મૂકવું અને સ્ત્રીને તેનાથી નિમ્ન દરજ્જો આપવાથી દુનિયાની સર્જન પ્રક્રિયા ખામીયુક્ત ઠરે છે. કમનસીબે ઈસ્લામ પૂર્વેની જીવનલક્ષી કેટલીક કલ્પનાઓમાં આ જ મોટી ભૂલ થઈ છે. કોઈએ સ્ત્રીને ખામીયુક્ત (અપરીપક્વ) બુદ્ધિ વાળી બતાવી છે, કોઈએ કેવળ તેને પુરુષોની ઈચ્છાઓ સંતોષવાનાં સાધન તરીકે જોઈ અને તેનો ઉપયોગ કર્યો, કોઈએ તેને પાપ ઠરાવી. જ્યારે કેટલાક ધર્મોએ પોતાની આધ્યાત્મિકતાના અભિમાનને કારણે સ્ત્રીથી સંપૂર્ણ વિખૂટા રહેવા (બ્રહ્મચર્ય)ને આધ્યાત્મિક સફળતા માટે જરૂરી સમજ્યું. આવી બિનકુદરતી વહેંચણીની અસર સ્ત્રી-પુરૂષના પરસ્પરના હક્કો અને ફરજો નક્કી કરવા ઉપર થઈ છે. મોટાભાગનાં લોકોએ સ્ત્રીની ફરજો અને જવાબદારીઓ ઉપર એટલો ભાર મૂક્યો છે કે તેના માનવીય અધિકારોની પણ અવગણના થઈ છે. ઈસ્લામે સ્ત્રી-પુરુષ દરમ્યાન જે સમાનતા જાળવી રાખી છે તે પોતાની સંપૂર્ણતાની દષ્ટિએ અજોડ છે. તેની તાલીમની રૂએ અસમાનતાની કલ્પના માત્ર જ અશક્ય છે.

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સૌથી મોટી ભરતીની જાહેરાત, ૫ હજારથી વધુ યુવાનોને મળશે સરકારી નોકરી

ગાંધીનગર તા. ૧૩: સરકારી નોકરીની તૈયારી કરતા ઉમેદવારો માટે એક મહત્વપૂર્ણ ખુશખબર મળી રહ્યા છે. રાજ્યમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સૌથી મોટી ભરતી આવી રહી છે. જી હાં. તમે સાચું સાંભળી રહ્યા છો. ગુજરાતમાં આગામી સમયમાં સિનિયર ક્લાર્ક, ક્લાર્ક અને જુનિયર ક્લાર્કની ૫૪૦૦ થી વધુ જગ્યા પર ભરતી કરાશે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ વિભાગો પાસે ખાલી જગ્યાઓની વિગતો મંગાવવામાં આવી છે. ખાલી જગ્યાઓની વિગતો ૧૫ મે મહિના સુધી આપી દેવા તાકિદ કરવામાં આવી છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ઓગસ્ટ કે સપ્ટેમ્બરમાં આ તમામ પદો પર પ્રથમ પરીક્ષા યોજાઈ શકે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રથમ વખત સમાન લાયકાતની પરીક્ષાઓ એક જ કરવાની વિચારણા ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૨૦૨૩-૨૪ માં આટલી સરકારી ભરતીઓ આવશે. GSSSB ભરતી કેલેન્ડર ૨૦૨૩, GSSSB દ્વારા વર્ષ ૨૦૨૩ માટે નવુ ભરતી કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી એક વર્ષ એટલે કે ૨૦૨૩થી ૨૦૨૪ સુધીની ભરતી અંગેનું કેલેન્ડર જાહેર કર્યું છે.

# રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે ફરી માવઠાની આગાહીએ ચિંતા વધારી : રાજ્યમાં આજથી ૧૫મી સુધી ગરમીનું યલો એલર્ટ

**ગરમ-સૂકા પવનોને કારણે ગરમીનો વધુ થઈ રહેલો અહેસાસ રાજ્યમાં પાંચ દિવસ કમોસમી વરસાદની આગાહી**

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં કાળઝાળ ગરમીનો આરંભ થયો છે. માવઠાની આગાહી વચ્ચે રાજ્યમાં ઉનાળો આકરો બન્યો છે. ગુજરાતમાંથી માવઠાની આફત હજુ ટળી નથી. આવતીકાલથી રાજ્યમાં છૂટાછવાયા વિસ્તારોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી સ્થાનિક હવામાન વિભાગ દ્વારા કરાઈ છે. ગુજરાતમાં એક બાજુ ગરમી તો બીજી બાજુ કમોસમી વરસાદથી ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતો માટે વધુ એક માઠા સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં હવામાન વિભાગદ્વારા ૫ દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજીતરફ અમદાવાદમાં ૧૧થી ૧૫ એપ્રિલ સુધી કાળઝાળ ગરમીની આગાહી કરવામાં આવી છે. ગરમ-સૂકા પવનોની અસરથી આ ઉનાળામાં પહેલીવાર અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર થયો છે.

અમદાવાદ સહિત ૧૨ શહેરોમાં ગરમીનો પારો ૩૮ ડિગ્રીથી વધુ નોંધાયો છે. આગામી બે દિવસ ગરમીનું જોર રહેશે. એ પછી રાજસ્થાનમાં સક્રિય થયેલા સાઈક્લોનિક સરક્યુલેશનની અસરથી રાજ્યના કેટલાક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૫ એપ્રિલ સુધી યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ગરમીનો પારો મહત્તમ ૪૩ ડિગ્રી સુધી જવાની શક્યતા છે, જેને લઈ એએમસીએ લોકોને કામ વગર બહાર ન નીકળવાની સલાહ આપી છે. આરોગ્ય વિભાગની ટીમોને ગરમી સામે સંરક્ષણાત્મક પગલાં ભરવા આદેશ આપવામાં આવ્યો છે. બીજી તરફ હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહંતીએ જણાવ્યું કે, દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાં ઉદ્ભવેલા સાઈક્લોનિક સરક્યુલેશનના પગલે રાજ્યમાં ફરી કમોસમી વરસાદ પડવાની શક્યતા ઊભી થઈ છે. ગુજરાતમાં ૫ દિવસ કમોસમી વરસાદની આગાહી છે. બે દિવસ બાદ થંડરસ્ટોર્મ એક્ટિવિટી સાથે વરસાદ રહેશે. કચ્છ, સાબરકાંઠા, વડોદરા, બનાસકાંઠા અને પાટણમાં વરસાદી માહોલ રહેશે. આ ઉપરાંત ૧૪ એપ્રિલે વરસાદની આગાહી છે. આ દરમ્યાન અમરેલી, ભાવનગર, બોટાદ, સુરત, ભરૂચ, વલસાડ, નવસારીમાં વરસાદી માહોલ રહેશે. વરસાદની સાથે જ બે દિવસ ગરમીનું જોર યથાવત્ રહેશે. રાજ્યમાં ૨ ડિગ્રી તાપમાન વધારો નોંધાશે. અમદાવાદમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીએ પહોંચી શકે છે. રાજ્યમાં એક તરફ ગરમી બીજી તરફ કમોસમી માવઠાનો માર રહેશે

# દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ નિર્માતાને રૂબરૂ હાજર રહેવા આદેશ કર્યા બાદ ન્યાયમૂર્તિ મુરલીધર વિરુદ્ધ ટ્વિટ કરવા બદલ વિવેક અગ્નિહોત્રીની માફી સ્વીકારી

(એજન્સી) તા.૧૩

દિલ્હી હાઈકોર્ટે સોમવારે ફિલ્મ નિર્માતાને રૂબરૂ હાજર રહેવા આદેશ કર્યા બાદ ન્યાયમૂર્તિ મુરલીધર વિરુદ્ધ ટ્વિટ કરવા બદલ વિવેક અગ્નિહોત્રીની માફી સ્વીકારી લીધી હતી. જસ્ટિસ સિદ્ધાર્થ મૃદુલ અને વિકાસ મહાજનની હાઈકોર્ટની બેંચે અગ્નિહોત્રીને આ કેસમાંથી દાવેદાર તરીકે છોડી મૂક્યા હતા. કોર્ટે કહ્યું કે, અગ્નિહોત્રી જણાવે છે કે, તેઓ ન્યાયતંત્રની સંસ્થા માટે અત્યંત આદર ધરાવે છે અને તેઓ જાણીજોઈને કોર્ટની સંવેદનાઓને ઠેસ પહોંચાડવાનો ઈરાદો ધરાવતા નથી, તેમને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે. તેમને તિરસ્કાર કરનાર તરીકે મુક્ત કરવામાં આવ્યા છે. બેન્ચે અગ્નિહોત્રીને 'આગળ વધવામાં સાવચેત રહેવા' ચેતવણી આપી હતી. તેણે આ કેસને ૨૪ મેના રોજ આગામી સુનાવણી માટે સૂચિબદ્ધ કર્યો હતો. ઓક્ટોબર ૨૦૧૮માં ન્યાયમૂર્તિ એસ. મુરલીધર અને વિનોદ ગોયલે ગૌતવ નવલખા ઉપર ટ્રાયલ કોર્ટના ટ્રાન્ઝિટ ઓર્ડરને રદ કર્યો હતો અને ભીમા કોરેગાંવ કેસમાં પત્રકારને તેમની નજરકેદમાંથી મુક્ત કરવા માટે તેમની અટકાયતને અયોગ્ય ગણાવી હતી. જસ્ટિસ મુરલીધરની આગેવાની હેઠળની બેંચે મહારાષ્ટ્ર પોલીસને દિલ્હીથી નવલખાને કસ્ટડીમાં લેવાની મંજૂરી આપતા સ્થાનિક કોર્ટના ટ્રાન્ઝિટ ઓર્ડરને પણ રદ કર્યો હતો. દિલ્હી હાઈકોર્ટે ચુકાદો આપ્યા પછી તરત જ અગ્નિહોત્રીએ ટ્વિટ કરીને જસ્ટિસ મુરલીધર દ્વારા પક્ષપાત કરવાનો આક્ષેપ કર્યો હતો. કન્સલ્ટિંગ એડિટર તરીકે ફેક ન્યૂઝ પોર્ટલ, સ્વરાજ્ય મેગેઝિન માટે કામ કરતા રંગનાથને પણ હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ ટ્વિટ કર્યું હતું. દિલ્હી હાઈકોર્ટે આ ટ્વિટ્સ ઉપર કડક વલણ અપનાવ્યું અને રંગનાથન, અગ્નિહોત્રી અને સ્વરાજ્ય પોર્ટલ સહિત અન્ય લોકો સામે તિરસ્કારનો સુઓમોટુ કેસ શરૂ કર્યો હતો. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં હાઈકોર્ટે તેમને સાંભળ્યા વિના આરોપીઓ સામે કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો હતો કારણ કે, નોટિસ મળવા છતાં કેટલાક પ્રતિવાદીઓ વતી કોઈ હાજર થયું ન હતું. ત્યારપછી અગ્નિહોત્રીએ બિનશરતી માફી માંગી અને કોર્ટને અનુગામી સુનાવણીમાં ભાગ લેવા-દેવા વિનંતી કરીને લેખિતમાં રજૂઆત કરી હતી. ફડેવિટમાં એવો પણ દાવો કર્યો હતો કે, તેણે તેની શંકાસ્પદ ટ્વિટ ડિલિટ કરી દીધી છે. જો કે, માઈકસ ક્યુરી અરવિંદ નિગમે કોર્ટને જાણ કરી કે સોગંદનામામાં અગ્નિહોત્રીનો દાવો સાચો નહોઈ શકે, કારણ કે, ટ્વિટરના સોગંદનામા મુજબ, તે માઈક્રોબ્લોગિંગ સાઈટ હોઈ શકે છે જેણે અગ્નિહોત્રીની ટ્વિટ્સ કાઢી નાખી હતી અને વિવાદાસ્પદ ફિલ્મ નિર્માતાએ પોતે નહીં. કોર્ટે અગ્નિહોત્રીને રૂબરૂમાં પોતાની માફી દર્શાવવા માટે કોર્ટમાં રહેવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ તેઓ એવું કહીને હાજર થયા ન હતા કે તેઓને તાવ છે. આનાથી જસ્ટિસ સિદ્ધાર્થ મૃદુલ અને જસ્ટિસ તલવંત સિંહની બેન્ચ નારાજ થઈ હતી કારણ કે, તેઓએ સ્પષ્ટ કર્યું હતું કે, અગ્નિહોત્રીને હાજર થવા માટે કહેવામાં આવ્યું નથી પરંતુ કોર્ટે તેમને હાજર થવા માટે નિર્દેશ આપ્યો હતો. નિગમે કોર્ટને માહિતી આપી હતી કે અન્ય એક કથિત વિરોધી રંગનાથને ટ્વિટ કરીને કહ્યું હતું કે, તે ક્યારેય માફી માંગશે નહીં અને લડત આપશે.

# તુષાર ગાંધી : 'ન્યૂ ઈન્ડિયા'માં નફરત સામે લડવું એ મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે



પુણે, તા.૧૩

મહાત્માના પૌત્ર તુષાર ગાંધીએ જણાવ્યું હતું કે, આપણા મનમાં અને કાર્યમાં 'અહિંસા' કેળવીને નફરત અને વિચારોની હિંસા સામે લડવું એ આજના સમયની જરૂરિયાત છે. તેમણે નફરતના ફેલાવા સાથે આજનું નવું ભારત જે દિશામાં આગળ વધી રહ્યું છે તેના ઉપર શોક વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે ગાંધીજીને બદલે ગોડસે આવા ભારતના રાષ્ટ્રપિતા હશે. તેમણે કહ્યું કે, સૌથી ખતરનાક હિંસા એ વિચારોની હિંસા છે. આજકાલ આપણે જોઈએ છીએ કે લોકોના દિલમાં કંઈક છે પણ તેઓ કંઈક બીજું બોલે છે. આપણે અહિંસાના અર્થને સમજવાની અને તેને આપણા મનમાં કેળવવાની જરૂર છે. આજે નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે પરંતુ નફરત સાથે રાજકારણ આગળ વધી રહ્યું છે, જે એક મોટી ચિંતા છે. મહારાષ્ટ્રમાં પણ, અમે આ લોકોને નફરત ફેલાવતા જોઈ રહ્યા છીએ. ગાંધીએ કહ્યું હતું કે 'નફરત છોડો' અને આજે નફરતને હરાવીને આ સૂત્ર લાગુ કરવાની જરૂર છે, નહીં તો તે નાગરિકોને તેના ગુલામ બનાવી દેશે. નવું ભારત જે દિશામાં આગળ વધી રહ્યું છે તે જોતાં તેના રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી નહીં પરંતુ નાથુરામ ગોડસે (મહાત્મા ગાંધીનો હત્યારો) હશે. આપણે તેના વિશે ચિંતા કરવી જોઈએ કે નફરત અને દ્વેષ આપણા મનમાં જગ્યા બનાવી રહ્યા છે. એક સમારોહમાં તેમને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો, અને તેમણે મહાત્મા વિશેની ગેરસમજો અને ખોટી માહિતીનું પણ ખંડન કર્યું હતું, જેમાં એક સત્તાધારી વ્યક્તિના તાજેતરના એ નિવેદનનો સમાવેશ થાય છે કે ગાંધીજી પાસે કોઈ ડિગ્રી ન હતી. તેમણે કહ્યું કે, આ દિવસોમાં જ્યારે પણ મારા મોબાઈલની રિંગ વાગે છે ત્યારે હું વિચારૂ છું કે બાપુ વિશેનો કયો પ્રશ્ન હવે અનુત્તરિત છે. લગભગ ૧૦ દિવસ પહેલા તેમની ડિગ્રી ઉપર સવાલ ઉઠાવવામાં આવ્યો હતો. મહાત્મા વિશે ઘણી અગમ્ય બાબતો પ્રસારિત કરવામાં આવે છે. તેમણે ગાંધીજીની હત્યા માટે સમાજના કેટલાક વર્ગો દ્વારા વધના ઉપયોગની પણ નિંદા કરી કારણ કે આ પ્રાચીન શબ્દ મનુષ્યોની નહીં પણ રાક્ષસોની હત્યાનું વર્ણન કરવા માટે વપરાય છે. તુષાર ગાંધીએ જણાવ્યું હતું કે, ગાંધીજી દરેક ધર્મનો આદર કરતા હતા અને તેના વિશે શીખ્યા હતા, અને ઉજ્જવળ ભવિષ્ય માટે લોકોએ પણ યોગ્ય આદર્શો સાથે જીવન જીવવાના પ્રયાસ કરવા જોઈએ.

# ભારતની વસ્તી-સ્તરની રોગપ્રતિકારક શક્તિ ક્ષીણ થતાં કોવિડના કેસો વધી રહ્યા છે : WHOના દક્ષિણ પૂર્વ એશિયાના નિર્દેશક

(એજન્સી) તા.૧૩



નવી દિલ્હી, તા.૧૦ WHOના દક્ષિણ-પૂર્વ એશિયાના પ્રાદેશિક નિર્દેશક, ડૉ. પૂનમ ખેત્રપાલ સિંહે કહ્યું છે કે, આપણી વસ્તીમાં રોગપ્રતિકારક શક્તિનું ઘટતું સ્તર નવા કોવિડ તરંગોને ઉત્તેજિત કરી શકે છે અને તેનો સામનો કરવા માટે ભારતને ઉચ્ચ રસીના કવરેજ સાથે આ રોગના દેખરેખની જરૂર છે. ભારતમાં હાલમાં કોવિડના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. ભારતમાં શનિવારે ૬,૧૫૫ નવા કોવિડ -૧૯ ચેપ નોંધાયા છે, જ્યારે આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર સક્રિય કેસોની સંખ્યા વધીને ૩૧,૧૯૪ થઈ ગઈ છે. ગયા વર્ષે ૧૬ સપ્ટેમ્બર પછી પ્રથમ વખત દૈનિક કેસ ૬,૦૦૦નો આંકડો વટાવી ગયા છે.

IANS સાથે વાત કરતા, ડૉ. સિંઘે લોકોને બૂસ્ટર રસીના ડોઝ લેવાની અને ચેપથી બચવા માટે કોવિડ-યોગ્ય વર્તનને અનુસરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

અહીં આ મુલાકાતના અંશો છેઃ

IANS : **શું આપણે નવી કોવિડ તરંગનો સામનો કરી રહ્યા છીએ ? ભારતમાં હાલમાં ચેપમાં સૌથી વધુ વધારો જોવા મળી રહ્યો છે ?**

સિંઘ : છેલ્લા છ મહિનામાં, અમે કેટલાક દેશોમાં ચેપમાં વધારો જોઈ રહ્યા છીએ જે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂરિયાત, સઘન સંભાળ અથવા જાનહાનિમાં વધારો સાથે સંકળાયેલા નથી. વાયરસનું પરિભ્રમણ અને વિકાસ ચાલુ રહે છે. જ્યારે આ તરંગો પહેલા જેટલા ગંભીર થવાની સંભાવના નથી કારણ કે આપણી પાસે વસ્તી-સ્તરની રોગપ્રતિકારક શક્તિ છે જે વિશ્વભરમાં રસીકરણ અને અગાઉના ચેપથી વધી છે, આપણે કોઈપણ રીતે, કોવિડ - ૧૯ના જોખમને ઓછું ન ગણવું જોઈએ. આપણે કોવિડ - ૧૯થી પોતાને અને અન્ય લોકો માટે જોખમ ઘટાડવું જોઈએ. આપણી રોગપ્રતિકારક શક્તિ ઘટી રહી છે તેમ આપણે ચેપના નવા તરંગોની પણ અપેક્ષા રાખી શકીએ છીએ. અમે દેખરેખ, ઉચ્ચ રસી કવરેજ અને અમારી આરોગ્ય પ્રણાલીઓને વધુ સ્થિતિસ્થાપક બનાવીને તેની અસરથી રક્ષણ મેળવી શકીએ છીએ. આપણે વાયરસને ટ્રેક કરવાની અમારી ક્ષમતાને પણ મજબૂત કરવાની જરૂર છે અને આરોગ્ય પ્રણાલીમાં ખામીને તાત્કાલિક દૂર કરવાની જરૂર છે. આપણે કોવિડ-૧૯ અને અન્ય શ્વસન રોગોના લાંબા ગાળાના નિયંત્રણમાં સંક્રમણ કરવાની જરૂર છે.

IANS : **ભારતમાં કોવિડ રસીના બીજા અને ત્રીજા ડોઝને અપનાવવાનું પ્રથમ ડોઝની તુલનામાં ખૂબ ઓછું છે. તમારો અભિપ્રાય શું છે ?**

સિંહ: આ ગંભીર રોગ અને મૃત્યુને રોકવા માટે કોવિડ સામેની અમારી લડતમાં રસીકરણ એ એક મહત્વપૂર્ણ સાધન છે. રસીકરણ અને બૂસ્ટર ડોઝ રોગ સામે રક્ષણનું વધારાનું સ્તર પૂરૂ પાડે છે. ભારતમાં અત્યાર સુધીમાં ૨.૨ બિલિયનથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે, જે દેશના કદને ધ્યાનમાં રાખીને એક પ્રભાવશાળી સિદ્ધિ છે. ઓક્ટોબર ૨૦૨૧માં એક અબજ ડોઝને પાર કરીને અને જુલાઈ ૨૦૨૨માં રેકોર્ડ ૧૮ મહિનામાં બે અબજનો આંકડો વટાવ્યો હતો. એપ્રિલ ૨૦૨૨માં, ભારતે લોકો માટે તબક્કાવાર બૂસ્ટર ડોઝ રજૂ કર્યા હતા, જેમાં વૃદ્ધો, અંતર્ગત તબીબી સ્થિતિઓ ધરાવતા લોકો અને ફ્રન્ટ-લાઈન કામદારો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. રસીના કવરેજ અને અગાઉના ચેપોએ વૈશ્વિક સ્તરે વસ્તી સ્તરની પ્રતિરક્ષા પ્રદાન કરી છે, ત્યારે રસીની અસરકારકતા સમય જતાં ઓછી થતી જાય છે અને તે મહત્વનું છે કે પ્રાથમિક શ્રેણીને વધારાના બૂસ્ટર ડોઝ આપવામાં આવે, ખાસ કરીને ગંભીર રોગ અને મૃત્યુનું સૌથી વધુ જોખમ ધરાવતા લોકો માટે તે જરૂરી છે.

IANS : **આપણે વધતા ચેપનો સામનો કેવી રીતે કરી શકીએ ?**

સિંઘ : જો આપણને તાવ અથવા અન્ય લક્ષણો હોય તો આપણે આઈસોલેશનમાં રહેવું જોઈએ અને તબીબી સલાહનું પાલન કરવું જોઈએ. ચેપ વિનાની વ્યક્તિઓએ પણ ટ્રાન્સમિશન ઘટાડવા માટે રક્ષણાત્મક પગલાંનું પાલન કરવાનું ચાલુ રાખવું જોઈએ જેમાં સુરક્ષિત અંતર જાળવવું, હાથ અને શ્વસન માર્ગની સ્વચ્છતા રાખવી, સારી રીતે ફિટિંગવાળા માસ્ક પહેરવા અને શક્ય હોય ત્યાં ભીડ અને ઓછી વેન્ટિલેટેડ જગ્યાઓ ઉપર જવાનું ટાળવું જોઈએ.

IANS : **શું ૧૧ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને રસી આપવી જોઈએ ?**

સિંઘ : બાળકો અને કિશોરોમાં સામાન્ય રીતે ચેપનું જોખમ ઓછું હોય છે અને જો તેઓને ચેપ લાગે તો; મોટાભાગના કિસ્સાઓમાં તે હળવો રોગ હોવાની શક્યતા છે. જો કે, સહ-રોગ અથવા સ્થૂળતા ધરાવતા બાળકો અને કિશોરો વધુ જોખમમાં હોય છે અને તેમને રસી આપવી જોઈએ અને પ્રાથમિક શ્રેણીની રસીકરણ અને એક બૂસ્ટર ડોઝ મેળવવો જોઈએ.

IANS : **કોવિડ રોગ હવે ક્યારે 'સ્થાનિક' રોગ બની શકે છે ?**

સિંઘ : આપણે કોવિડ-૧૯ સામેની લડાઈના નિર્ણાયક તબક્કામાં છીએ અને હવે પહેલા કરતાં વધુ આપણે રોગચાળાને ખતમ કરવા અને વાયરસને માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે. આવતા મહિને, કોવિડ-૧૯ રોગચાળા ઉપરની IHR ઈમરજન્સી કમિટી બેઠક કરશે અને પરિસ્થિતિ અને જોખમનું મૂલ્યાંકન કરશે અને ભલામણો કરશે અને WHO મહાનિર્દેશકને સલાહ આપશે.

# RTEમાં ગુજરાતીની ૪૨,૦૨૧, અંગ્રેજીની ૩૭,૭૭૫ બેઠકો ઉપર પ્રવેશ આપવામાં આવશે

અમદાવાદ, તા.૧૩

રાઈટ ટુ એજ્યુકેશન (RTE)માં પ્રવેશ માટે આ વખતે RTEની ૮૩,૩૨૬ જેટલી બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં ગુજરાતી માધ્યમની ૪૨,૦૨૧ અને અંગ્રેજી માધ્યમની ૩૭,૭૭૫ જેટલી બેઠકોનો સમાવેશ થાય છે. RTEની પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન વાલીઓને માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લાવાર હેલ્પલાઈનની વિગતો પણ વેબસાઈટ ઉપર મૂકાઈ છે. RTEમાં પ્રવેશ માટે સોમવારથી ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહીનો પ્રારંભ આવ્યો છે. ફોર્મ ભરવા માટે વાલીઓના ધસારાને પહોંચી વળવા માટે ચાર જેટલા સર્વરના ઓપ્શન આપવામાં આવ્યા છે, જ્યાંથી વાલીઓ ફોર્મ ભરી શકશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાજ્યમાં ૯૮૫૫ ખાનગી સ્કૂલોની ધો.૧ની ૮૩,૩૨૬ જેટલી બેઠકો નક્કી કરવામાં આવી છે. આ બેઠકો પૈકી ગુજરાતી માધ્યમમાં ૪૨,૦૨૧, અંગ્રેજી માધ્યમમાં ૩૭,૭૭૫ તથા હિન્દી, મરાઠી, ઉર્દૂ, ઉડિયા સહિતના અન્ય માધ્યમોની ૩૫૩૦ બેઠકોનો સમાવેશ થાય છે. RTEની બેઠકો ઉપર પ્રવેશ માટે વાલીઓ ૨૨ એપ્રિલના રોજ ૧૨ વાગ્યા સુધી ફોર્મ ભરી શકશે. ઈ ઈની સમગ્ર પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન વાલીઓને સતત માર્ગદર્શન મળી રહે તે હેતુથી જિલ્લાવાર હેલ્પલાઈન નંબર તથા હેલ્પ સેન્ટરની વિગતો વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી છે. આ ઉપરાંત વાલીઓને ફોર્મ ભરવા માટે જરૂરી દસ્તાવેજો, ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ પણ વેબસાઈટ ઉપર મૂકવામાં આવી છે. ઓનલાઈન અરજીઓની જિલ્લા કક્ષાએ ચકાસણી પણ શરૂ કરી દેવામાં આવી છે અને ચકાસણીના અંતે માન્ય રહેલી અરજીઓને ધ્યાને લઈને પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર કરવામાં આવશે.

# મળો IIT દિલ્હીના સ્ટુડન્ટ્સને જેમણે 'એનિમોલ' પ્લેટફોર્મ બનાવ્યું, પશુઓનો ટ્રેડિંગ કરતી આ એપ દ્વારા ૫૬૫ કરોડની આવક થઈ

(એજન્સી) તા.૧૩

ઘણા વિદ્યાર્થીઓ એવા હોય છે જે અનેક પ્રકારના સ્ટાર્ટઅપ કરતા હોય છે. અનેકના સ્ટાર્ટઅપ સફળ થાય છે તો અનેકના સ્ટાર્ટઅપ નિષ્ફળ જાય છે. આજ રીતે આઈઆઈટી દિલ્હીના વિદ્યાર્થિનીઓએ એક ઓનલાઈન કેટલ પ્લેટફોર્મ બનાવ્યું હતું. એટલે કે આ પ્લેટફોર્મ ઉપર પશુઓનું ઓનલાઈન ખરીદ વેચાણ કરી શકાતું હતું. સ્ટાર્ટઅપ પીડિયાના અહેવાલ અનુસાર ૨૦૨૨માં પહેલા વર્ષે આ પ્લેટફોર્મની આવક ૭.૪ કરો રૂપિયા થઈ હતી. જો કે, હવે તેની આવક વધીને ૫૬૫ કરોડ રૂપિયાને આંબી ચૂકી છે. આ પ્લેટફોર્મ સફળ થઈ રહ્યું છે. આ પ્લેટફોર્મ ઉપર કેટલના લાઈવ સ્ટોકને અપડેટ કરવામાં આવે છે તેના ઉપર પશુઓની ખરીદ વેચાણ કરવામાં આવે છે. આ પ્લેટફોર્મની શરૂઆત ૨૦૧૯માં કરવામાં આવી હતી. આ એનિમોલ પ્લેટફોર્મનું લીગલ નામ એનિમોલ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ છે. આ ઓનલાઈન પ્લેટફોર્મની સ્થાપના, અનુરાગ બીસોઈ, કીર્તિ જાંગરા, લીબિન બાબુ, નીતુ વાય અને નીતુ યાદવ દ્વારા કરવામાં આવી હતી. આ પ્લેટફોર્મની સ્થાપના કરનારાઓમાં સંદીપ મહાપાત્રા પણ સામેલ છે. અનુપમ મિત્રાને આ પ્લેટફોર્મમાં રોકાણ કર્યું હતું જેવો અગાઉ shaadi.comમાં રોકાણ કરી ચૂક્યા હતા. તેમની સાથે zomatoના દીપેન્દ્ર ગોયલ અને અન્ય ત્રણ લોકો અંજલી બંસલ, મોહિતકુમાર અને સાહિલ બરવા પણ સામેલ હતા.

# વોન્ટેડ બુટલેગર વિજુ સીંધીના અરેસ્ટ વોરન્ટને દુબઈએ કેમ રદ કર્યું?

અમદાવાદ, તા.૧૩

ગુજરાત પોલીસને મોટો ફટકો પડ્યો છે. રાજયનો બુટલેગર વિદેશ ભાગી ગયા પછી તેને ભારત લાવવા માટે પોલીસે સતત તજવીજ શરૂ કરી દીધી હતી. વિગતો પ્રમાણે આ બુટલેગર દુબઈ ફરાર થઈ ગયો હતો. જેને પકડવા માટે ભારત સરકારે એરેસ્ટ વોરન્ટ મોકલ્યું હતું, જેને દુબઈ સરકારે રદ કરી દીધું છે. ઉલ્લેખનીય છે કે દુબઈ સરકારે જણાવ્યું કે જરૂરી દસ્તાવેજોના અભાવના કારણે ધરપકડ વોરન્ટ રદ કરી દેવામાં આવ્યું છે. આ કેસ વડોદરાના વિજય ઉધવાની ઉર્ફે વિજુ સિંધી સામે કરાયો છે. આની સામે ગુજરાતમાં બૂટલેગિંગના ૩૮ કેસ નોંધાયેલા છે. ગયા વર્ષે જુલાઈમાં વિજુ દુબઈ ગયો પછી, ઈન્ટરપોલે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કરવામાં આવેલી વિનંતી પર રેડ કોર્નર નોટિસ જાહેર કરી હતી. તો ચલો આપણે જાણીએ કે બુટલેગરને પકડવામાં શું થયું! દુબઈના સત્તાધીશોએ ૧૨ સપ્ટેમ્બરે વિજુની ધરપકડ કરી હતી અને તેને ૨ લાખ દિરહામની ચૂકવણી પર જામીન પર છોડવામાં આવ્યો હતો. આ દરમિયાન તેની એક મહિનાથી વધુ સમય માટે અટકાયત પણ કરવામાં આવી હતી. તેણે તેના ગેરન્ટીઅરના પાસપોર્ટ સાથે પોતાનો પાસપોર્ટ પણ સરેન્ડર કરી દીધો હતો. આના કારણે તેઓ હવે અન્ય કોઈ દેશમાં જવા સક્ષમ પણ રહ્યા નહોતા. જોકે, આ તબક્કે ભારત સરકારે વિજુની ધરપકડ માટે જરૂર પગલા ભરવાનું બંધ કરી દીધું હોય એમ લાગી રહ્યું હતું. વળી દુબઈ સત્તાધીશોઓને વિજુના પ્રત્યાર્પણ માટે ભારતના પ્રસ્તાવને સમર્થન આપવા માટે પણ કોઈ કાગળો મળ્યા નહતા. ૨૧ માર્ચે, દુબઈના ફર્સ્ટ પબ્લિક પ્રોસિક્યુટર ઈસ્માઈલ અલી મદનીની ઓફિસે વિજુનું વોરંટ રદ કરતો ઓર્ડર પસાર કર્યો હતો અને સત્તાધીશોને તેના બોન્ડની રકમ પરત કરવા અને તેનો પાસપોર્ટ મુક્ત કરવા જણાવ્યું હતું. પ્રોસિક્યૂટરે કહ્યું કે ભારત સરકાર દ્વારા તમામ દસ્તાવેજો આપવામાં આવ્યા નથી. જરૂરી માહિતીનો અભાવ છે. બીજી બાજુ ભારતમાં વિજુના પરિવારે ઈન્ટરપોલ દ્વારા RCN જાહેર કરવા તથા કેન્દ્રની પ્રત્યાર્પણની વિનંતી સામે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા.

# દેશમાં ચોમાસુ આ વખતે સામાન્ય રહેવાની આગાહી કરવામાં આવી

**અલ નીનો સહિત ઘણા કારણો મોનસૂનને પ્રભાવિત કરી શકે છે : અલ નીનોની વાપસી એક નબળા મોનસૂનની ભવિષ્યવાણી કરી શકે છે**

નવી દિલ્હી, તા.૧૩

એક મુખ્ય હવામાન એજન્સીએ ૨૦૨૩ માટે મોનસૂનનું પૂર્વાનુમાન જાહેર કરી દીધું છે. આ મોનસૂન પૂર્વાનુમાન અનુસાર જૂનથી સપ્ટેમ્બર સુધી ૪ મહિનાનો સરેરાશ વરસાદ ૮૬૮.૮ મી.મી.ની તુલનાએ ૮૧૬.૫ મી.મી. એટલે કે ૯૪% (/-૫ ટકા) રહેવાની શક્યતા છે. અગાઉ જાન્યુઆરીમાં પણ પૂર્વાનુમાન જાહેર કરાયું હતું જેમાં જણાવાયું હતું કે, ૨૦૨૩માં મોનસૂન સરેરાશથી ઓછો રહેવાની આશંકા વ્યક્ત કરાઈ હતી જેને હવે યથાવત્ રખાઈ છે. હવામાન એજન્સી સ્કાયમેટના એમડી જતીન સિંહે કહ્યું કે, ટ્રિપલ-ડિપ-લા નીનાને કારણે દક્ષિણ-પશ્ચિમ મોનસૂને છેલ્લી ૪ સિઝનમાં સામાન્ય કે સામાન્યથી વધુ વરસાદ નોંધ્યો નહોતો. હવે લા નીનાની અસર સમાપ્ત થઈ ગઈ છે. અલ નીનોની શક્યતા વધી રહી છે અને મોનસૂન દરમિયાન તેની એક મુખ્ય કેટેગરી બનવાની શક્યતા પણ વધી રહી છે અલ નીનોની વાપસી એક નબળા મોનસૂનની ભવિષ્યવાણી કરી શકે છે. અલ નીનો ઉપરાંત અન્ય ઘણા કારણો છે જે મોનસૂનને પ્રભાવિત કરી શકે છે. ઈન્ડિયન ઓશન ડિપોલ (આઈઓડી)માં મોનસૂનને નિયંત્રિત કરવા અને પર્યાપ્ત રીતે મજબૂત થવા ઉપર અલ નીનોની આડઅસરને નકારવાની ક્ષમતા છે. આઈઓડી હવે તટસ્થ છે અને મોનસૂનની શરૂઆતમાં મધ્યમ સકારાત્મક હોવા તરફ નમી રહ્યું છે. અલ નીનો અને આઈઓડીના બહાર થવાની શક્યતા છે અને માસિક વરસાદમાં વધારે ફેરફાર થઈ શકે છે. સિઝનનો બીજો ભાગ વધારે અસામાન્ય રહેવાની આશા છે. ભૌગોલિક સંભાવનાઓના સંદર્ભમાં હવામાન એજન્સીને આશા છે કે, દેશના ઉત્તર અને મધ્ય ભાગમાં વરસાદની અછત રહેવાનું જોખમ પેદા થશે. ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં જુલાઈ અને ઓગસ્ટના મુખ્ય મોનસૂન મહિનાઓ દરમિયાન અપૂરતો વરસાદ થશે



## જૂનાગઢમાં નાગર રોડ જુનાગઢ કાળાપાણીની સીડી નજીક આવેલ પૌરાણિક હનુમાનજી મંદિર

જૂનાગઢ શહેરમાં નાગર રોડ કાળાપાણી ની સીડી નજીક ૨૫૦ વર્ષ પુરાણું મારૂતિનંદન મંદિર આવેલું છે જે દાદાના દર્શને હજારો ભાવિકો આવે છે અને દર્શન કરી ધન્યતા અનુભવે છે છેલ્લા ૩૫ વર્ષથી સેવા આપતા કાર્યકર્તાઓ આ મંદિરપ્રત્યે તેમજ મારૂતિનંદન મંદિરમાં બિરાજતા હનુમાનજી મહારાજ પ્રત્યે અખૂટ શ્રદ્ધા ધરાવે છે હનુમાન જયંતીની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. તાજેતરમાં હનુમાન જયંતી પ્રસંગે સ્ટીમ ઢોકળા, બુંદી, ગાંઠિયા, આઈસ્ક્રીમ, સરબતવગેરે નું પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજેશભાઈ ભેસાણિયા. યતિકભાઈ ભેસાણિયા, કુશલભાઈ પારેખ, દીપકભાઈ દવે, વગેરે કાર્યકર્તા તન મન ધનથી સેવા આપી રહ્યા છે

# જૂનાગઢમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ધોરણ ૧માં પ્રવેશ મેળવવા માટે અરજી પ્રક્રિયા શરૂ

## જૂનાગઢ જીલ્લાની ૪૦૦ જેટલી ખાનગી શાળાઓમાં ૧૬૮૪ જગ્યામાં નબળા અને વંચિત જૂથના બાળકોને નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મળશે

જૂનાગઢ,તા.૧૩

જૂનાગઢ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ધોરણ ૧ માં પ્રવેશ મેળવવા માટે અરજી પ્રક્રિયા શરૂ થઈ છે. જે અન્વયે જૂનાગઢજિલ્લાની ૪૦૦જેટલી ખાનગી શાળામાં ૧૬૮૪ જગ્યામાં નબળા અને વંચિત જૂથના બાળકોને નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટેપ્રવેશ મળશે.

બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકારની કલમ ૧૨(૧) સી હેઠળઅંતર્ગત નબળા અને વંચિત જૂથોના બાળકોને શિક્ષણ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયેલો છે. જે મુજબ જૂનાગઢમાં નબળા અને વંચિત જૂથોના બાળકોને ૨૫ ટકા મુજબ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ માં જૂન-૨૦૨૩થી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે.

જે બાળકોને ૧ જુન ૨૦૨૩ના રોજ છ વર્ષ પૂર્ણ થતા હોય અને ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧ માં અભ્યાસ ન કરેલો હોય તે આ યોજના હેઠળ પ્રવેશપાત્ર બને છે. આરટીઈ એક્ટ હેઠળ પ્રવેશ મેળવવા માટે બાળકના વાલી https://rte.orpgujarat.com વેબસાઈટ પર તારીખ ૧૦/૪/૨૦૨૩થી તારીખ ૨૨/૪/૨૦૨૩ દરમ્યાન ફોર્મ ભરી શકશે. આ અંગેની જરૂરી વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં જૂનાગઢ જિલ્લાની અંદાજે ૪૦૦ જેટલી ખાનગી પ્રાથમિક શાળામાં ૨૫ ટકા મુજબ ૧૬૮૪ જેટલી જગ્યા ઉપલબ્ધ છે. આ પ્રવેશ બાબતે વાલીઓને માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા શિક્ષણ સમિતિ જૂનાગઢ ખાતે હેલ્પ સેન્ટર અને હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જિલ્લા હેલ્પ લાઈન નંબર ૦૨૮૫- ૨૯૯૦૪૫ ઉપર સંપર્ક કરવા જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બ્લુ સ્ટાર લિમિટેડે વર્ષ ૨૦૨૩ માટે 'પરવડે એવા શ્રેષ્ઠ કક્ષાના' રૂમ એસીની નવી શ્રેણી પ્રસ્તુત કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૩

બ્લુ સ્ટાર લિમિટેડે આ ઉનાળા માટે, શ્રેષ્ઠ કક્ષાના પરવડે તેવા અને 'ફ્લેગશિપ પ્રીમિયમ શ્રેણી સહિતના એસીની નવી વ્યાપક શ્રેણી પ્રસ્તુત કરી હતી. આ સાથે, કંપનીએ ઈન્વર્ટર, ફિક્સ સ્પીડ અને વિન્ડો એસી શ્રેણીની સંપૂર્ણ શ્રેણીના આશરે ૭૫ મોડેલ રજૂ કર્યા છે જે દરેક વર્ગના ગ્રાહકની જરૂરિયાતને પૂરી કરી શકશે.

બ્લુ સ્ટાર કંપની વર્ષ ૨૦૨૦થી પોતાને એક વિશાળ વર્ગની પ્રીમિયમ બ્રાન્ડ તરીકે વ્યૂહાત્મક રીતે પ્રસ્તુત કરી ત્યારથી તે તેની ઉત્પાદન અને સંશોધન ક્ષમતાઓને વધારી રહી છે જેથી ખાસ કરીને ટિયર ૨, ૩, ૪ અને ૫ વર્ગના શહેર એન્ડ નગરોના બજારમાં ખાસ કરીને કિંમત પ્રતિ સંવેદનશીલ અને પહેલી વાર ખરીદી કરનારા ગ્રાહકોના બજારમાં વેચવા માટે પરવડી શકે તેવા સ્પ્લિટ એસીની નવી વિભિન્ન અને શ્રેષ્ઠ-કક્ષાની શ્રેણીઓ રજૂ કરી શકાય. બ્લુ સ્ટારે કિંમતની સંપૂર્ણ શૃંખલાની કાર્યક્ષમતા વધારવા માટે એક ટોટલ કોસ્ટ મેનેજમેન્ટ (ટીસીએમ) પ્રોગ્રામ પણ શરૂ કર્યો છે. બ્લુ સ્ટાર 'આત્મનિર્ભર ભારત અભિયાનની મજબૂત સમર્થક હોવાને કારણે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બ્લુ સ્ટાર ક્લાઈમેટેક લિમિટેડે સિટીમાં અત્યાધુનિક ઉત્પાદન પ્લાન્ટ સ્થાપ્યો છે.બ્લુ સ્ટાર ક્લાઈમેટેકે જાન્યુઆરી ૨૦૨૩માં આ પ્લાન્ટમાં રૂમ એસીનું વ્યાવસાયિક ધોરણે ઉત્પાદન શરૂ કર્યું હતું. બ્લુ સ્ટાર તેના કેટલાક નવા ઉત્પાદનો અહીંથી મેળવશે. આ નવી સ્વચાલિત અને સ્માર્ટ ફેક્ટરીની એસેમ્બલી લાઈનમાં મટીરીયલ હેન્ડલિંગ માટે અદ્યતન ઓટોમેશન ટેક્નોલોજી અને સાધનો છે. તે સાથે તેણે આઈઓટી અને ડિજિટાઈઝેશનને લગતી ઘણી નવીનતાઓ વ્યાપકપણે બેસાડી છે.

કંપનીએ અત્યાર સુધીમાં આ પ્લાન્ટ માટે અંદાજિત રૂા. ૫૫૦ કરોડના રોકાણમાંથી અંદાજે રૂા. ૩૫૦ કરોડનું રોકાણ કર્યુંછે. આ પ્લાન્ટે ૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ઉત્પાદન શરૂ કર્યું હતું, અને તેના પ્રથમ વર્ષમાં લગભગ ત્રણ લાખ યુનિટ્સ બનાવશે અને ત્યારબાદ ઉત્પાદન ક્રમશ વધારીને ૧.૨ મિલિયન યુનિટ કરશે. આ નવી રેન્જમાં સ્ટાર, ૪-સ્ટાર અને ૫સ્ટાર ઈન્વર્ટર સ્પ્લિટએર કંડિશનરનો સમાવેશ થાય છે જે ૦.૮ ટીઆર થી ૨ ટીઆર સુધીની વિવિધ કુલિંગ ક્ષમતાઓમાં રૂા. ૨૯,૯૯૦થી શરૂ થતી આકર્ષક કિંમતે ઉપલબ્ધ છે.૧.૫ ટીઆર થ્રી-સ્ટાર ઈન્વર્ટર સેગમેન્ટ કેટેગરીમાં સૌથી મોટો હોવાથી, બ્લુ સ્ટારે આ સેગમેન્ટમાં પરવડે તેવા ઘણા કોમ્પેક્ટ અને એન્ટ્રી-લેવલ મોડેલ પણ રજૂ કર્યા છે. સમગ્ર ઈન્વર્ટર રેન્જ આર-૩૨ ઈકો-ફ્રેન્ડલી રેફિજન્ટનો ઉપયોગ કરે છે.

તમામ બ્લુ સ્ટાર ઈન્વર્ટર એસી સ્માર્ટ રેડી છે અને અલગ સ્માર્ટ મોડ્યુલના ઉમેરા દ્વારા તેને સ્માર્ટ એસીમાં અપગ્રેડ કરી શકાય છે.બ્લુ સ્ટાર લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર બી. ત્યાગરાજને જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા પીએલઆઈ યોજનાનો લાભ ઉઠાવીને અમે એ હકીકત પર ખૂબ ગર્વ અનુભવીએ છીએ કે બ્લુ સ્ટાર ક્લાઈમેટેક લિમિટેડનો શ્રી સિટી ખાતેનો નવો ઓટોમેટેડ અને સ્માર્ટ પ્લાન્ટ હવે કાર્યરત છે. આ પ્લાન્ટની સ્થાપના સાથે, બ્લુ સ્ટાર કંપની અને આ પ્લાન્ટ વચ્ચેના તાલમેલનો લાભ લેવાનો ઈરાદો ધરાવે છે, જેથી બ્લુ સ્ટારને રૂમ એસી સેગમેન્ટમાં, ખાસ કરીને ટિયર ૧ સિવાય ટિયર ૨, ૩, ૪ અને ૫ માર્કેટમાં વૃદ્ધિને વધુ વેગ મળે. બ્લુ સ્ટાર વિતરણ માળખાને વિસ્તૃત કરવા, આરએન્ડડી ક્ષમતાઓને વધારવા અને બ્રાન્ડનિર્માણમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે. આ તમામને પરિણામે અમને પરવડે તેવા શ્રેષ્ઠ કક્ષાના રૂમ એસી લાવવામાં સક્ષમ બનાવશે. ૨૦૨૩ માટે રૂમ એસીની અમારી નવી રેન્જ આ દિશામાં અમારું ધ્યાન મજબૂત રીતે ફરીથી ગોઠવે છે.''

# ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સ્ટેમ ક્વિઝ સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૧૩

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને ગણિત (STEM) ક્ષેત્રમાં જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય તેવા આશય થી સમગ્ર ગુજરાત રાજ્યમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે સ્ટેમ ક્વિઝ સ્પર્ધા ૨૦૨૩નું આયોજન આગામી તા.૧૪ થી૧૬ એપ્રિલ ૨૦૨૩ કરેલ છે.

આ સ્પર્ધા જૂનાગઢ જિલ્લા માટે ૧૫/૪/૨૦૨૩ના સાંજે ૪ વાગ્યે યોજાશે. આ તાલુકા કમ જીલ્લા કક્ષાની ઓનલાઈન સ્પર્ધા યોજાશે અને દરેક તાલુકામાંથી પસંદગી પામેલ વિદ્યાર્થીઓને ઓફલાઈન માધ્યમથી સાયન્સ સીટી અમદાવાદ ખાતે રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે. આ સ્પર્ધા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં હશે. આ સ્પર્ધામાં બાર્ક, ડીઆરડીઓ અને ઈસરો જેવી સંસ્થાની મુલાકાત સાથે બે કરોડ જેવી માતબર રકમના ઈનામો તો જીતવાની તક પણ છે ભાગ લેનારનેઈ સર્ટિફિકેટ આપવામાં આવશે.

જૂનાગઢ જિલ્લાના તમામ પ્રતિભાશાળી, રસ ધરાવતા વિદ્યાર્થીઓ વધુને વધુ ભાગ લે તેવા હેતુથી જિલ્લા શિક્ષણાધિકારી ડી.ઈ.ઓ કચેરી જૂનાગઢ તથા બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ જહેમત ઉઠાવી રહયા છે. આ સ્પર્ધા વિષે વધુ જાણકારી માટે લોક વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરવા પ્રતાપસિંહ ઓરાની અખબારી યાદીમાં લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જણાવેલ હતું.

# જૂનાગઢ કૃષિ યુનિ. દ્વારા ખેતીમાં આધુનીક તજજ્ઞતા માટે ખેતીવાડી ખાતાના અધિકારીઓનો તાલીમ વર્ગ યોજાયો

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, દ્વારા તાલીમ અને મુલાકાત યોજના અંતર્ગત તા.૧૧-૧૨/૦૪/૨૦૨૩ના રોજ ખરીફ પૂર્વ મોસમી તાલીમ કાર્યશાળામાં સૌરાષ્ટ્રના જુદા જુદા જિલ્લાના ખેતીવાડી ખાતાના અધિકારીઓ જેમાંજિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ, નાયબખેતી નિયામકો, મદદનીશ ખેતી નિયામકો સહભાગી બન્યા હતા. આ પ્રસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના કુલપતિ ડો.વી.પી.ચોવટીયાએ જણાવ્યું કે,તાલીમનો મુખ્ય ઉદેશ કૃષિ યુનિવર્સિટી દ્વારા સંશોધનો તથા ભલામણો ખેતીવાડી ખાતાના અધિકારીઓને આપી તેના દ્વારા ખેડૂત સુધી પહોંચાડવાનોછે. યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ નવી ટેકનોલોજી તથા ભલામણો ખેડૂતો સુધી લઈ જવાના વાહક છો. આ પ્રસંગે સયુક્ત ખેતી નિયામક-જૂનાગઢ અને રાજકોટના એસ.કે.જોષી પણ ખેતીના પ્રશ્નો અંગે તજજ્ઞો સાથે ચર્ચા કરી હતી. ઘણા વર્ષો થીચોમાસા સારા જાય છે. આ વર્ષે પણ ચોમાસુ ૯૪%રહેવાનો અંદાજ છે. વરસાદની અનિયમીતાને ધ્યાને રાખી મોડો વરસાદ થાય તો ખેડૂતોએ ઉભડી મગફળીનું વાવેતર કરવું જોઈએ. જો જુલાઈ-ઓગસ્ટ માસમાં વાયરૂ ફુકાય તો મગફળીમાં ઉગસુકનો રોગ આવવાની શક્યતા રહે છે.તે ધ્યાને રાખી બીજને પટ આપી પછી જ વાવવા માટે ભલામણ કરવી. આ બદલાતા વાતાવરણમાં ઉનાળુમાં તલનું વાવેતર ઘણું થયું છે.પાછતરા વરસાદનું અનુમાન હોય તો મગફળી જી.જી.-૩૨ના વાવેતર માટે ભલામણ કરવી. એટલે કે ચોમાસાને ધ્યાને રાખી કયો પાક વાવવો તે ખેડૂતોને કહેવું. આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એચ.એમ.ગાજીપરા એ જણાવ્યું કે,જ્યારે જયારે પાક ઉપર આફત આવતી હોય ત્યારે કૃષિ યુનિવર્સિટી દ્વારા એડવાઈઝરી બહાર પાડવામાં આવે છે. વધુમાં આ તાલીમ કાર્યશાળામાં જુદા જુદા વિષયના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાંર ડો.બી.એન.કલસરીયા, ડો.વી.જે.સાવલિયા, ડો.એચ.સી. છોડવડીયા તેમજ ડો.જી.આર.ગોહિલે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢની વિવિધ સેવાભાવી સંસ્થા દ્વારા નારણભાઈ વાજાને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ



જૂનાગઢ, તા.૧૩

જન સેવાને કોઈ પણ નાત જાત કે ભેદભાવ વગર પક્ષ હોતો નથી એવી સેવા ભાવના સાથે કેશોદની અંદર છેલ્લા ૨૦વર્ષથી કેશોદ શાખામાં સત્યમ સેવા યુવક મંડળમાં સક્રિય સેવા આપનાર નારણભાઈ વાજાનું દુ:ખદ અવસાન બદલ જૂનાગઢની વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા અંધ કન્યા છાત્રાલયના હોલમાં શ્રધ્ધાંજલિ અર્પણ કરાય તેમજ પ્રાર્થના સભા તારીખ ૧૧/૪/૨૦૨૩ના રોજ યોજાય ગયેલ જેમાં બોહળી સંખ્યામાં જૂનાગઢની જુદી જુદી સંસ્થા દ્વારા શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ હતી. સ્વ.નારણભાઈ વાજા દ્વારા કેશોદ ખાતે હોસ્પિટલમાં દર્દીઓને નાસ્તો, ફ્રુટ, પ્રસૂતા બહેનોને શિરો, જુદા જુદા નિદાન કેમ્પો, સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન, તહેવારો નિમિતે મીઠાઈ વિતરણ, જરૂતિયાતમંદને અનાજ વિતરણ, જનતા તાવડો વગરે કેશોદ ખાતે સેવા આપતા હતા. ધોબી સમાજમાં તો તેમની સેવા અનન્ય હતી પરંતુ અન્ય સમાજમાં પણ નિસ્વાર્થે સેવાઓ આપતા હતા. જૂનાગઢ કોર્ટમાં પણ નિવૃત રજીસ્ટાર તરીકેની સેવા આપેલ. સદગંતના અવસાનથી સત્યમ્ સેવા યુવક મંડળ, અંધ કન્યા છાત્રાલય, ગાયત્રી શક્તિ પીઠ, જનસેવા સમજ ટ્રસ્ટ, મહિલ વૃધ્ધા આશ્રમ, મયારામ દાસજી આશ્રમ, સમસ્ત હિંદુ ધોબી સમાજ યુવક મંડળ, વિકલાંગ વિદ્યાર્થી ટ્રસ્ટ વગેરે સંસ્થાઓએ શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ હતી જેમાં મનસુખભાઈ વાજા, મુકેશગીરી મેઘનાથી, વિજયભાઈ કિકાણી, નાગભાઈ વાળા, બટુકબાપુ, પરેશભાઈ બાટવીયા, હરસુખભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ મારડીયા, શાંતાબેન બેસ, છોટુભાઈ વાજા, અલ્પેશભાઈ પરમાર, પ્રવિણભાઈ જોષી વગેરે આ શ્રદ્ધાંજલિ પ્રાર્થના સભા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વ.નારણભાઈ વાજાના આત્માને શાંતિ મળે તે માટે પ્રજ્ઞા ચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટની અંધ બહેનોએ ધૂન કીર્તન પ્રાર્થના કરેલ હતી અને સર્વે સંસ્થાઓના ટ્રસ્ટીઓએ આ સદગત આત્માને શ્રધ્ધાસુમન અર્પણ કરેલ હતા.

# ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ "શિક્ષણ સમર્પિત અનોખું અભિયાન"

આજના અતિ સ્વકેન્દ્રી સમયમાં કોઈ સંસ્થા કે વિચાર વર્તુળ પદ, પ્રતિષ્ઠા અને પૈસા વગર કાર્યરત હોય અને તેને સમગ્ર ગુજરાતમાંથી બહોળો પ્રતિસાદ મળતો હોય તેવા ઉદાહરણ જવલ્લેજ જોવા મળે ! પરંતુ આ વાત ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચના માધ્યમથી સિદ્ધ અને સાબિત થઈ છે. બે વર્ષથી આ સંસ્થાનું ગઠન થતાં તેની વિવિધ કાર્ય પદ્ધતિઓ નક્કી કરવામાં આવી. જેમાં સંસ્થામાં કોઈ હોદેદાર ન હોય, કોઈ નાણાં ન હોય, તેનું કોઈ ચોક્કસ માળખું એટલે કે બંધારણ ન હોય! પરંતુ માત્ર નૈષ્ઠીક ઉદેશો અને ધ્યેયો માટે મથામણ કરવાની ખેવના માત્ર હોય. હા, તેવી સંસ્થા છે ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ. ૩ એપ્રિલ ૨૦૨૨ ના રોજ ઔપચારિક રીતે તેની જાહેરાત કરવામાં આવી.

ગુજરાતમાં નિષ્ઠાથી કામ કરતા નિવૃત લોકોએ એક અવાજે આવી વાતને સ્વીકારી લઈને સમગ્ર આયોજનના સંકલનમાં ગુજરાતમાં લેખન, પત્રકારત્વ, સાહિત્ય અને શિક્ષણમાં યથાર્થ કામથી નામ મેળવી શકેલા શિક્ષણવિદ શ્રી તખુભાઈ સાંડસુરને જવાબદારી સોંપવામાં આવી. સાથે સાથે પાટણના સંપુર્ણ શિક્ષણ સાધુ નિવૃત્ત શિક્ષક શ્રી શામજીભાઈ દેસાઈ અને ભરૂચના આચાર્ય અને સંચાલક ડો. મહેશભાઈ ઠાકર જોડાઈ ગયાં, અને પછી કારવા બઢતા ગયાં. મારા સહિત ઉચ્ચ શિક્ષણના લોકો પણ આ કામમાં પોતાનો રાજીપો વ્યકત કરવા સાથે ડગલાં ભરતાં થયાં, એક સુંદર મજાની સંસ્થા પા....પા... પગલી ભરતા ભરતા વટ વૃક્ષ બનવા તરફ આગળ વધવા લાગી. શિક્ષણ સમર્પિત આ સંસ્થાનું કોઈ બંધારણ નથી, પરંતુ તેનો આચાર જરૂર છે. નક્કી થયું કે સંસ્થામાં કોઈ ભંડોળ ઊભું ન કરવું અને કોઈ પાસેથી શક્ય હોય ત્યાં સુધી ફીના રૂપમાં કોઈ નાણાં ન સ્વીકારવા. શિક્ષણના નીતિગત પ્રશ્નોને રાજ્યકક્ષાએ વાચા મળે અને જ્યાં જરૂર પડે ત્યાં શિક્ષણનીતિના સંદર્ભમાં રજૂઆતો થાય, ત્યારે પોતાનો સ્પષ્ટ અવાજ સરકારના કાન સુધી પહોંચાડી શકાય. સાથોસાથ સરકારી તથા અન્ય વ્યવસ્થામાં કાર્યરત શિક્ષકોને પ્રોત્સાહન અને બળ આપી તે માટેના વિવિધ સન્માનોનું આયોજન કરવું. જે શિક્ષક ભાઈ બહેનો ઉતમ કામ કરી રહ્યાં છે. તેના કામને સમગ્ર ગુજરાત સુધી અને રાષ્ટ્રીય કક્ષા એ પણ પહોંચાડવા પ્રયત્ન કરવો તેમજ તેમનામાં રહેલી ક્ષમતાને વેગવંતી બનાવવી, વિવિધ પ્રકારના પ્રકાશનો અને માધ્યમોથી શિક્ષકોના કામને



-પ્રા.ડો.ભાવના ડુંમર

ગતિ આપવી. રાજય સરકાર સાથે પરામર્શ કરીને શિક્ષણના પાયાના પ્રશ્નો માટે લડવું. આ પ્રકારના મકસદ સાથે આ સંસ્થાએ શિક્ષણનો ઝંડો હાથમાં લીધો. છ માસે એક વખત સંગોષ્ઠીમાં બધાં જ સાધકો કોઈ એક સ્થળે મળે અને તેની યજમાની જે તે સંસ્થા કરે જેથી ખર્ચનો પ્રશ્ન ન હોય. વર્ષમાં એકાદ વખત શિક્ષણના સમર્પિત સૈનિકોને બિરદાવવા "ફોરમ એવોર્ડ" આપવામાં આવે અને એવોર્ડ જે તે યજમાનના અનુદાન, સૌજન્યથી અપાય અને તેમાં મૂલ્યલક્ષી શિક્ષણની વાત વધુ અસરકારક રીતે ધ્યાનમાં લેવાય.

છેલ્લા દોઢ બે વર્ષથી ધોરણ ૧૦માં વિદ્યાર્થીઓનો વિષય પસંદગીનો પ્રશ્ન હોય, કોરોના કાળમાં પછી શાળા ચાલુ કરવાનો પ્રશ્ન હોય કે પછી અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તકોમાં ગુજરાતી અંગ્રેજીનું સંમિશ્રણ હોય, આ સંસ્થાએ રાજય સરકારના ધ્યાનમાં પોતાનો મત પ્રગટ કર્યો છે. તેના અસરકારક પરિણામો પણ મળ્યાં છે. અત્યાર સુધી બે સંગોષ્ઠિનું આયોજન થયું છે તેમાં ખુબ સારી સફળતા મળી છે. સાધકો સ્વેચ્છાએ જોડાયા છે. જેમાં પ્રથમ સંગોષ્ઠિ લોકનિકેતન રતનપુર, જિ. બનાસકાંઠા ખાતે આયોજિત થઈ. તેનો વિષય "ગુણવત્તા શિક્ષણ" હતો. જેમાં મહતમ સભ્યો ઉપસ્થિત રહ્યાં. બીજી સંગોષ્ઠિનુ યજમાનપદ કડી સર્વ વિદ્યાલયે સ્વીકાર્યું હતું. જેનો વિષય" મુલ્ય શિક્ષણ" હતો. ડો.જે જે વોરા ( ઉપકુલપતિ શ્રી) કિરણસિંહ ચાવડા, ગજાનન જોશી, ડો.અશ્રુવિન આણદાણી, ડો.હેંમત ઓઝા, પુ. વિદુષી ગીતાદીદી, ડો રાઘવજી માધડ, ડો નિતીન પેથાણી, વલ્લભભાઈ પટેલ(કડી) જેવાં માનંવતા મહેમાનશ્રીઓ પોતાનાં મુલ્યવાન વિચારો પ્રગટાવવા આ સંગોષ્ઠિઓમા પધારી સૌને કૃતકૃત્ય કર્યા છે.

તાજેતરમાં સંસ્થા દ્વારા ગુજરાતના ૧૩ જિલ્લામાંથી પસંદ કરાયેલાં ઈનોવેટિવ નિવૃત અને પ્રવૃત્ત શિક્ષકોની કાર્યકુશળતા અને તેમનો પરિચય કરાવતું એક પ્રકાશન પુસ્તક રૂપે "શિક્ષણના ધ્રુવ તારકો"ના શીર્ષક તળે પ્રગટ થઈ રહ્યું છે. જે ખૂબ જ ઉપયોગી અને આવકારદાયક બની રહ્યું છે. તેનુ લોકાર્પણ આગામી સંગોષ્ઠિમા થશે. આગામી તૃતિય સંગોષ્ઠિ સાસણ, જિ જુનાગઢખાતે ૨૨-૨૩ એપ્રિલ દરમિયાન 'પર્યાવરણ શિક્ષણ'ના વિષય સંદર્ભે યોજાઈ રહી છે. જેમા ગુજરાતના ચાર શિક્ષક ભાઈ બહેનોને ફોરમ શિક્ષક એવોર્ડથી નવાજવામાં આવશે. આવી ઉતમ સંસ્થાઓ સાથે જોડાવું તે પણ લાભપ્રદ હોય છે. શિક્ષણની જ્યોતને પ્રજવલ્લિત રાખવા માટે આ સમયમાં આવી સંસ્થાની તાતી જરૂરિયાત હોય છે. અપેક્ષિત એક ઘોર અંધકારના સમયકાળમાં નિસ્વાર્થ ભાવથી નિર્માણ થયેલ આવી જયોતિરુપ સંસ્થાઓની મથામણ સરાહનીય છે. આ સંસ્થામાં જોડાયેલા પાયાના પથ્થર સમાન આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ.

## કાજરડી પ્રાથમિક શાળાનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૩

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ પીએસઈ પરીક્ષા-૨૦૨૩ધો. ૬માં અભ્યસ કરતાં કાજરડી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થી રાઠોડ વિશાલ ભાવેશભાઈએ ૨૦૦ ગુણમાંથી ૧૭૫ ગુણ મેળવી સમગ્ર રાજયની મેરીટ યાદીમાં સ્થાન મેળવ્યું છે. માર્ગદર્શક શિક્ષક વણકર ડાહયાભાઈ અને આચાર્ય તથા સમગ્ર શાળા પરીવાર ગૌરવની લાગણી અનુભવે છે.

